સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com




જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

વર્ષ : ૪૮ અંક : ૨૨૭ જૂનાગઢ તા.૦૭-૦૯-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 227, Junagadh : Date : 07 September, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ઉત્તરપ્રદેશનાં હાથરસમાં બસ -કાર વચ્ચે ભયાનક ટક્કર : એકજ પરિવારનાં ૧૫નાં મોત

નવી દિલ્હી, તા.૭: ઉત્તર પ્રદેશના હાથરસમાં ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. અહી મેક્સ અને રોડવેઝની બસ વચ્ચે ટક્કર થતાં સર્જાયેલ ભયાનક અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા છે જ્યારે અન્ય લોકોની હાલત ગંભીર છે. વિગતો અનુસાર મેક્સ કારમાં લગભગ ૩૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા અને આગ્રા-અલીગઢ નેશનલ હાઈવે પર સાંજના સમયે આ અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ઉત્તર પ્રદેશના હાથરસમાં એક ગંભીર માર્ગ અકસ્માત થયો છે, જેમાં ૧૫ લોકોના મોત થયા છે જ્યારે અનેક લોકો ગંભીર ઘાયલ થયા છે. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે. જો અકસ્માતમાં ઘાયલ લોકોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધે તેવી શકયતા છે. શુક્રવારે સાંજે મેક્સ લોડર અને રોડવેઝની બસ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

મેક્સમાં લગભગ ૩૦ જેટલા લોકો સવાર હતા અને તે બધા મુકુંદ ખેડાની તેરમી પર્વ મનાવીને ખંડૌલી નજીક સેવલા ગામ પરત ફરી રહ્યા હતા. આ ગંભીર દુર્ઘટના આગ્રા-અલીગઢ બાયપાસ પર મીતાઈ ગામ પાસે બની હતી. મૃતકોમાં પુરૂષો, મહિલાઓ તથા બાળકોનો સમાવેશ થાય છે.

### આજથી દેશભરમાં ગણેશ ઉત્સવનો રંગેચંગે પ્રારંભ

# દેશમાં ૨૦ લાખથી વધુ ગણેશ પંડાલ : રૂા.૨૫ હજાર કરોડનો વેપાર



નવી દિલ્હી, તા.૭: ગણેશ ચતુર્થી ભારતમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવતો તહેવાર છે. આ વખતે તે દેશભરમાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે.

આ પ્રસંગે બજાર પણ પોતાના ખિસ્સા ભરવાની આશા રાખે છે. ભારતીય ઉદ્યોગપતિઓ ચીનમાં બનેલા સામાનથી દૂર રહીને ભારતીય ઉત્પાદનોનો પ્રચાર કરી રહ્યા છે. ખરીદદારોમાં પણ તેમની ભારે માંગ છે. CATના અંદાજ મુજબ આ વર્ષે ગણેશ ચતુર્થીના દિવસે લગભગ ૨૫૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ થશે. આ તહેવારોની સિઝન બિઝનેસમેન માટે શાનદાર રહેવાની છે. રક્ષાબંધન અને જન્માષ્ટમીના દિવસે પણ ઘણા જૂના બિઝનેસ રેકોર્ડ તૂટી ગયા હતા.

ગણેશ ચતુર્થીના કારણે મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મધ્યપ્રદેશ, તમિલનાડુ અને ગોવા જેવા વિસ્તારોમાં આર્થિક ગતિવિધિઓ વધે છે. CATના રાષ્ટ્રીય અધ્યક્ષ બીસી ભરતિયાએ જણાવ્યું કે આ રાજ્યોમાં સ્થાનિક વેપારીઓ દ્વારા કરવામાં આવેલા સર્વે બાદ જાણવા મળ્યું છે કે ૨૦ લાખથી વધુ ગણેશ પંડાલની સ્થાપના કરવામાં આવી છે. જો દરેક પંડાલ પરના ૫૦,૦૦૦ રૂપિયાના ન્યૂનતમ ખર્ચને પણ ધ્યાનમાં લેવામાં આવે તો આ આંકડો ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ થઈ જાય છે.

પ્રવીણ ખંડેલવાલે કહ્યું કે ગણેશ મૂર્તિઓનો બિઝનેસ ૫૦૦ કરોડ રૂપિયાથી વધુનો છે. ફૂલો, હાર, ફળ, નારિયેળ, ધૂપ અને અન્ય પૂજા સામગ્રીનું વેચાણ પણ ૫૦૦ કરોડ રૂપિયાની નજીક છે.

મીઠાઈની દુકાનો અને હોમ બિઝનેસના વેચાણમાં રૂ. ૨૦૦૦ કરોડથી વધુનો વધારો જોવા મળે છે. આ સિવાય પરિવારો દ્વારા મોટા સમારોહ અને ભોજન સમારોહનું આયોજન કરવાને કારણે કેટરિંગ અને નાસ્તા પર લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ છે.

# હરીયાણા વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર : વિનેશ ફોગાટને ટીકીટ સાથે રાજકીય કુસ્તીનો પ્રારંભ

### રેસલર બજરંગ પુનીયાને કોંગ્રેસે હરીયાણા કિસાન સંઘનાં પ્રમુખ બનાવ્યા

ચંદીગઢ, તા.૭

હરિયાણામાં આગામી માસમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે ૯૦ બેઠકોમાંથી કોંગ્રેસે કુલ ૩૨ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં ૨૮ ધારાસભ્યોને ફરી એક વખત ટીકીટ આપવામાં આવી છે. ગઈકાલે કોંગ્રેસમાં સામેલ થયેલા પહેલવાન વિનેશ ફોગટને કોંગ્રેસ પક્ષે ઝુલાના ધારાસભા બેઠક પરથી ચૂંટણી લડવા ટીકીટ આપી છે જયારે બજરંગ પુનીયાને કોંગ્રેસના કિસાન સેલના વડા બનાવી દેવામાં આવ્યા છે.

કોંગ્રેસે કુલ ૭૧ બેઠકોના નામ ફાઈનલ કરી રાખ્યા છે પરંતુ ૩૨ ઉમેદવારોનાં નામ જ જાહેર કર્યા છે. રાજયમાં મુખ્યમંત્રી પદ માટે અનેક નેતાઓ દાવેદાર છે. ખાસ કરીને પૂર્વ કેન્દ્રીય મંત્રી કુમારી સેલજા ઉપરાંત વરિષ્ઠ નેતા રણદીપ સુરજેવાલા અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્ર હુડ્ડાનો સમાવેશ થાય છે.

કુમારી સેલજાએ હાલમાં જ લોકસભા ચૂંટણી જીતી છે. જયારે રાજયસભાના સાંસદ રણદીપ સુરજેવાલાને ખુલ્લેઆમ મુખ્યમંત્રી પદનો દાવો કર્યો છે.

ગઈકાલે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં વિનેશ ફોગટ અને બજરંગ પુનીયા કોંગ્રેસમાં જોડાયા હતા.

# જબલપુર નજીક સોમનાથ એકસપ્રેસ ટ્રેનના બે કોચ ખડી પડયા



જબલપુર, તા.૭: મધ્યપ્રદેશના જબલપુરમાં શનિવારે એક ટ્રેન અકસ્માત થયો હતો. અહીં ઈન્દોર અને જબલપુર વચ્ચે ચાલતી સોમનાથ એક્સપ્રેસ (ઈન્દોર-જબલપુર ઓવરનાઈટ એક્સપ્રેસ)ના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.

આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર નથી. દુર્ઘટનાની માહિતી મળતાં જ રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘટનાના કારણ વિશે માહિતી એકત્ર કરી રહ્યા હતા. રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે

આ ઘટનાને કારણે મુખ્ય લાઈન પર રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. રેલવે અધિકારીઓ પાટા પરથી ઉતરવાના કારણની તપાસ કરી રહ્યા છે અને ટ્રેકનું સમારકામ કરવામાં આવી રહ્યું છે.

પશ્ચિમ મધ્ય રેલવેના સીપીઆરઓ હર્ષિત શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ઈન્દોર-જબલપુર ઓવરનાઈટ એક્સપ્રેસના બે કોચ, જે ઈન્દોરથી આવી રહી હતી અને જબલપુર જઈ રહી હતી, જ્યારે તે ડેડ સ્ટોપ સ્પીડ પર હતી ત્યારે પાટા પરથી ઉતરી ગઈ હતી. કોઈ મુસાફરને ઈજા થઈ નથી. આ ઘટના આજે સવારે ૫.૫૦ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચી રહી હતી. આ અકસ્માત સ્ટેશનથી લગભગ ૧૫૦ મીટરના અંતરે થયો હતો.

# જમ્મુ-કાશ્મીર માટે ભાજપનો ચૂંટણી ઢંઢેરો : પરીવારની વરીષ્ઠ મહિલાને રૂા. ૧૮૦૦૦, ભૂમિહીનને જમીન, બે મફત એલપીજી સિલિન્ડર

નવી દિલ્હી, તા.૭: જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપે પોતાનો મેનિફેસ્ટો બહાર પાડ્યો છે. આ અવસર પર ગૃહમંત્રી શાહે મોટી જાહેરાત કરતા કહ્યું કે કલમ ૩૭૦ કયારેય પાછી ખેંચી શકાય નહીં. ભાજપના આ મેનિફેસ્ટોમાં પાર્ટીએ મહિલાઓ અને યુવા વિદ્યાર્થીઓ પર વધુ ફોકસ કર્યું છે. આ સાથે, પાર્ટીના ઘોષણાપત્રનો ઉલ્લેખ કરીને, કેન્દ્રીય મંત્રી શાહે પણ જાહેરાત કરી કે રાજ્યમાં ધાર્મિક સ્થળોનું નવીનીકરણ કરવામાં આવશે. ગૃહમંત્રી શાહે કહ્યું કે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને દર વર્ષે ૩,૦૦૦ રૂપિયાનું ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવામાં આવશે. આ સિવાય ધોરણ ૧૦માં ભણતા વિદ્યાર્થીઓને ટેબલેટ અને લેપટોપ મળશે. મહિલાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને, ગૃહપ્રધાને જાહેરાત કરી કે ઉજજવલા યોજનાના લાભાર્થીઓને દર વર્ષે બે મફત એલપીજી સિલિન્ડર આપવામાં આવશે. અટલ આવાસ યોજના દ્વારા ભૂમિહીન લોકોને પાંચ મરલા જમીન વિનામૂલ્યે આપવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીર સંબંધિત જાહેરનામામાં કાશ્મીરી પંડિતો માટે પુનર્વસન યોજનાનો સમાવેશ કરવા પર કેન્દ્રીય ગળહ પ્રધાન શાહે કહ્યું કે આ યોજના ખૂબ જ વિગતવાર હશે. અમે સંપૂર્ણ પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરીશું. આતંકવાદની ચરમસીમા દરમિયાન, ઘણા કાશ્મીરી પંડિતો અને શીખ સમુદાયના લોકોએ સ્થળાંતર કર્યું હતું, તેમની મિલકતો વેચવાની ફરજ પડી હતી. અમે આ અંગે કામ શરૂ કર્યું છે, કાં તો તેમની મિલકત પરત કરવામાં આવશે અથવા તેમની મિલકત માટે રકમ આપવામાં આવશે.

# ઓરીસ્સાનાં ચાંદીપુર ખાતે અગ્ની-૪ મિસાઈલનું સફળ પરીક્ષણ

બાલાસોર તા. ૭

ઓડિશાના ચાંદીપુર કિનારે અબ્દુલ કલામ દ્વીપ ખાતે ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલ અગ્ની-૪નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. પ્રક્ષેપણ દરમિયાન, મિસાઈલે તમામ ઓપરેશનલ અને ટેકનિકલ માપદંડોને પૂર્ણ કર્યા અને નિર્ધારિત સમયની અંદર લક્ષ્યને નિશાન બનાવ્યું હતું

વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આર્મીના સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડના નિર્દેશન હેઠળ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અગ્ની-૪ એ અગ્નિ શ્રેણીની ચોથી મિસાઈલ છે, જેને ભારતીય સશસ્ત્ર દળો દ્વારા ઉપયોગ માટે વિકસાવવામાં આવી છે. તેની સ્ટ્રાઈક રેન્જ ચાર હજાર કિલોમીટર સુધીની છે. આ રીતે, તેના અધિકાર ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાન સહિત ઘણા દેશો આવી જાય છે. તે સ્વદેશી ટેક્નોલોજી સાથે ઘણી અદ્યતન ટેકનોલોજી અને વ્યૂહાત્મક ક્ષમતાઓથી સજ્જ છે. આ મિસાઈલની મુખ્ય વિશેષતા એ છે કે તે રડાર દ્વારા પકડવામાં આવતી નથી. તે જ સમયે, તે ફલાઈટ દરમિયાન ઉદભવતી ખામીને સુધારવા માટે પણ સક્ષમ છે. તેને રસ્તા પર મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરી શકાય છે.

## સમાચાર રાઉન્ડ અપ

- અમેરીકાનું સ્ટારલાઈનર સ્પેસ ક્રાફટ સુનિતા વિલિયમ્સને લીધા વિના ત્રણ મહિના બાદ પરત ફર્યુ : ગતરાત્રે ન્યુ મેકસીકોનાં રણમાં સફળ લેન્ડીંગ
- નવી સારવાર પધ્ધતિને કેન્દ્રની મંજુરી : હવે માત્ર ૬ મહિનામાં ટીબીની અસરકારક સારવાર થઈ શકશે
- આવક અને ખર્ચ વચ્ચે વ્યાપક અસંતુલન : ૮૮ ટકા ભારતીયો ચિંતિત
- આંધ્રપ્રદેશમાં છેલ્લા ૨૦ વર્ષનાં સૌથી વિનાશક પુરથી ૨.૭૫ લાખ લોકો બેઘર થયા
- ગુજરાતમાં ગ્રીન બિલ્ડીંગને પ્રોત્સાહન માટે ફ્રી FSI આપવાનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું : ૭ થી ૧૨ ટકા સુધીની ચાર્જેબલ FSI વિના મૂલ્યે મળશે
- રૂા.૨ હજાર સુધીનાં ડીઝીટલ પેમેન્ટની પ્રોસેસ પર ટેકસ ચુકવવા કંપનીઓને જીએસટીની નોટીસ મળતા ફફડાટ

## કેન્યાની શાળામાં ભીષણ આગ ફાટી નીકળતા ૧૭ બાળકોનાં મોત : ૧૩ ગંભીર

કેન્યા, તા.૭:

કેન્યાની નીએરી કાઉન્ટી સ્થિત હીલ સાઈડ એન્ડશૉ પ્રાયમરી સ્કૂલમાં આવેલાં બોર્ડીંગમાં અચાનક આગ ફાટી નીકલતાં ૧૭ બાળકોનાં મૃત્યુ થયાં હતાં જ્યારે અન્ય ૧૩ બાળકોને ગંભીર રીતે દાઝી ગયા હતા. આથી મૃત્યુ આંક વધવાની ભીતિ સેવાઈ રહી છે.

# અંજારની લેડી ડોન રીયા ગોસ્વામી સહિત ત્રણ ભાઈ-બહેનની ત્રીપુટીની પોલીસે ગુજસીટોકમાં ધરપકડ કરી

### વ્યાજખોરી મામલે કચ્છનાં ઈતિહાસમાં ત્રણ સગા ભાઈ-બહેન ગુજસીટોકનાં ગુનામાં જેલ ભેગા થયા હોય તેવી પ્રથમ ઘટના



ગાંધીધામ તા. ૭

અંજાર વિસ્તારમાં નાણાં ધીરધારનો ગેરકાયદે વેપલો ચલાવી લોકોને શારીરિક અને માનસિક રીતે પરેશાન કરવા સાથે મરવા સુધી મજબૂર કરવાની પોલીસ ફરિયાદો બાદ પણ નિરંકુશ રહી સતત કાયદાનો ઉલ્લંઘન કરતી લેડી ડોન રિયા ગોસ્વામી અને તેનાં ભાઈ-બહેન આરતી અને તેજસ ગોસ્વામી સામે આખરે પૂર્વ કચ્છ પોલીસે ગંભીર અપરાધીની વ્યાખ્યામાં ગુજસીટોકનું શસ્ત્ર ઉગામી ત્રણેયને ઝડપી પાડ્યાં છે. ત્રણેય ભાઈ-બહેનોની ત્રીપુટીને સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં છે.

જિલ્લામાં વર્ષ ૨૦૧૫ બાદ અત્યારસુધીમાં ગણ્યાગાંઠ્યા અપરાધીઓ સામે જ આ કલમ હેઠળ પોલીસ કાર્યવાહી થઈ છે, ત્યારે ગેરકાયદે વ્યાજે નાણાં ધીરનાર આરોપી સામે સંભવિત આ પ્રથમ કેસ નોંધાયો છે.

કચ્છના ઈતિહાસમાં પહેલીવાર એક જ પરિવારનાં સગાં ત્રણ ભાઈ-બહેન એકસાથે ગુજસીટોકના ગુનામાં અંદર થયાં છે. પહેલીવાર મહિલાઓ પર અને વ્યાજખોર-માફિયાઓ પર ગુજસીટોક લાગુ કરાયો છે. પોલીસે ગુજસીટોકમાં અંદર કરી દીધેલાં વ્યાજ-માફિયામાં અંજારનાં મકલેશ્વરમાં રહેતી રિયા ઈશ્વરભાઈ ગોસ્વામી, તેની બહેન આરતી અને ભાઈ તેજસ ગોસ્વામીનો સમાવેશ થાય છે. રિયા ગોસ્વામી વિરુદ્ધ ૨૦૨૦થી અત્યારસુધીમાં ગેરકાયદે નાણાં ધીરધાર, પઠાણી ઉઘરાણી, હુમલો કરવા સહિતની ૮ ફરિયાદ દાખલ થયેલી છે, જે પૈકીની બે ફરિયાદ પઠાણી ઉઘરાણી કરીને ભોગ બનનારને મરવા મજબૂર કરવાની નોંધાઈ હતી. એ જ રીતે, તેની બહેન આરતી તથા ભાઈ તેજસ વિરુદ્ધ પણ વ્યાજખોરી, મારામારી, પઠાણી ઉઘરાણીના ચાર ગુના નોંધાયેલા છે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

જૂનાગઢ ઓફીસ માટે સેલ્સ ગર્લ્સ જોઈએ છે
ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ
(ઉ. ૨૨ થી ૩૨)
જૂનાગઢ : 63549 69729

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૫૬૨

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# ઉના પંથકમાં વીન્ડ પાવર કંપની દ્વારા નિયમોનું ઉલ્લંઘન ખેતરોમાં પોલ ઉભા કરી દેવા અંગે પુર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે કરી રજુઆત : તત્કાલક પગલા ભરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૭

ઊનાના પૂર્વ ધારસભ્ય પૂંજાભાઈ વંશે ઊના ના પ્રાંત કચેરીના નાયબ કલેકટરને લેખિતમાં રજૂઆત કરી છે કે ઊના તાલુકા ના કેસરિયા અને વિવિધ ગામોની સીમમાં રવિ રાજ વીન્ડ પાવર કંપની દ્વારા પવન ચક્કી ખેતરોમાં ઊભી કરવામાં આવે છે. તેમાં નિયમો નું ઉલ્લંઘન કરવામાં આવે છે વિન્ડ પાવરના પોલ ખેતરોમાં આડે ધડ ઊભા કરવામાં આવે છે. ભારત સરકારના ઊર્જા મંત્રાલય દવારા ઓન સોર વીન્ડ પાવર પ્રોજેકટ ના વિકાસ માટે ની ગાઈડ લાઈન મુજબ માર્ગ દર્શિકા બનાવેલ છે. આ માર્ગ દર્ષિકા મુજબ કલોમ નંબર પાંચ મા વિકાસ કરતા મા સ્પષ્ટ જણાવેલ છે કે યોજના માટે કોઈ પણ નિવાસના ૫૦૦ મીટર અંદર વીન્ડ ટ્રરબાઈન મુકાશે નહિ પરંતુ કેસરિયા અને ઘણા ગામો મા ખેડૂતોના ખેતરો મા રહેણાક મકાનો આવેલ છે. તેની નજીક ૨૦૦મીટર ના અંતર માં વીન્ડ ટ્રરબાઈન ફિટ કરવામાં આવે છે. જે નિયમ વિરૂદ્ધ છે. ખેડૂતો ને નુકશાની જાય છે. કંપની વાળા બળજબરી, દાદા ગિરિ કરી પોલીસ નો ડર બતાવી પોલીસ સાથે રાખી હેરાન પરેશાન કરતા હોય ખેડૂતોના ખેતરમાં આવવા જવાના રસ્તા બંધ કરી દીધા છે. ખેતર માં ભારે વાહનો ચલાવી રસ્તા ખરાબ કરી દીધા છે. કોઈ રિપેર પણ રસ્તા કરતા નથી તો તુરંત તપાસ કરી આ રવિરાજ વિન્ડ પાવર પ્રોજેક્ટ કપની દ્વાર સરકાર ની માર્ગ દર્શીકા મુજબ કામ કરે ખેડુતો ને ન્યાય મળે તે માટે રજૂઆત કરી છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયામાં જામનગર માર્ગ ઉપર આવેલી જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તા.૮ મીના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે વિના મૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. નેત્ર કેમ્પમાં વીરનગરની જાણીતી શિવાનંદ મિશન હોસ્પિટલના જાણીતા ડોકટરો તેમજ ટેક્નીશીયનો તેઓની સેવાઓ આપશે. અહીં દર્દીઓને સ્થળ ઉપર તપાસી દવા તેમજ સારવાર આપવામાં આવશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વીરનગર લઈ જઈ અને આધુનિક પદ્ધતિથી આંખનું ઓપરેશન પણ કરી આપવામાં આવશે. સર્વરોગ નિદાન કેમ્પમાં જાણીતા તબીબ ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસીને દવા આપશે. દંતયજ્ઞમાં તા. ૮ તથા ૯ ના રોજ દાંત પાડવા તેમજ બત્રીસી સહિતની વિવિધ વિનામૂલ્યે સારવાર યુ.કે. સ્થિત સ્માઈલ સ્ટાર ડોકટરોની ટીમ અને બદીયાણી હોસ્પિટલના તબીબો દ્વારા કરવામાં આવશે. આ કેમ્પમાં માટે દાતા સ્વ. રમેશભાઈ પ્રેમજીભાઈ બદીયાણી (યુ.કે. અને કેનેડા) વિગેરે પરિવારનો આર્થિક સહયોગ સાંપળ્યો છે. આ પ્રસંગે યોજાયેલા દાતા પરિવાર સન્માન સમારોહમાં હાલારના સાંસદ પૂનમબેન માડમ, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, જાણીતા તબીબ ડો. નિરવ રાયમગીયા, ભાટિયા લોહાણા મહાજનના પૂર્વપ્રમુખ કિશોરભાઈ દતાણી વિગેરે ખાસ ઉપસ્થિત રહેશે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના દર્દીઓને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સમગ્ર આયોજન માટે માનવ સેવા સમિતિની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## ઓન્લી ઈન્ડિયન દ્વારા શ્રાવણ માસ દરમ્યાન લોકો પાસેથી દુધ એકત્ર કરી ગરીબ, બાળકો, વૃધ્ધો, ધાત્રી માતાઓને અર્પણ કર્યું

જૂનાગઢ તા.૭

જૂનાગઢમાં દર્દીલ એનજીઓ ચલાવતા ઓન્લી ઈન્ડિયન દ્વારા શ્રાવણ માસ દરમ્યાન શહેર વિસ્તારમાં ફરી લોકો પાસેથી દુધ એકત્ર કરી ૭૦૦ જેટલા ગરીબ બાળકો, ૭૦ થી વધુ સગર્ભા, મજુર મહિલાઓ, ૧૦૦ જેટલી મજુર સ્તનપાન કરાવતી શ્રમજીવી મહિલાઓ તેમજ ૧૫૦ જેટલા વૃધ્ધ જનોને અર્પણ કરી તેઓની આંતરડી ઠારી શ્રાવણ માસની અલગ પ્રકારેથી ઉજવણી કરી હતી.

# ઉનામાં જુગારની પ્રવૃતિ સાથે સંકળાયેલા ૨ શખ્સો પાસા તળે જેલ હવાલે



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૭

ઊના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારનો અખાડો ચલાવી જુગાર રમાડતા જાવીદ ઉર્ફે જોન હબીબ શેખ રે. નાલીયા માંડવી તા.ઊના, ઉકા હમીર વાઘ રે. નાઠેજ તા.ઊના સામે ઊના પોલીસમાં ગુનાઓ દાખલ થયા હતા. લોકો શાંતિ પૂર્વક રહે જુગારની પ્રવૃતિ બંધ થાય તે માટે ઊના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા આ બન્ને ઈસમો સામે પાસા હેઠળની દરખાસ્તની ફાઈલો તૈયાર કરી ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીએ મોકલી આપેલ અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગંભીરતા સમજી આ બે ઈસમો જાવીદ ઉર્ફે જોન અને ઉકા હમીર વાઘ સામે પાસાનું વોરંટ જાહેર કરતા ઊના પોલીસ સ્ટાફે પાસાનું વોરંટ બજવી જાવીદ ઉર્ફે જોન હબીબભાઈ શેખને પકડી ભુજ સેન્ટ્રલ જેલમાં અને ઉકા હમીર વાઘને અમદાવાદ સાબરમતી જેલમાં મોકલી આપ્યા હતા.

**જૂનાગઢમાં**
અમારે ત્યાંથી બ્લીચીંગ પાણી, ફીનાઈલ, બરતન લીકવીડ, તેમજ અગરબત્તી મળશે
ઘર બેઠા મેળવવા સંપર્ક કરો
મો. ૯૯૭૪૪ ૨૯૭૫૫

**શો-રૂમ લાયક દુકાન ભાડે / વેચવાની છે**
પંચહાટડી - માંગનાથ રોડ ઉપર ફર્સ્ટ ફ્લોર, રોડ સાઈડ, (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કે. ફુટ દુકાન, જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શો-રૂમ લાયક દુકાન ભાડે / વેચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

## રવિવારે ઋષિપાંચમ, વ્રત રહેવાથી જીવનના બધા જ અશુભ દોષો નાશ પામે છે

ભાદરવા સુદ પાંચમને રવિવારે તા.૮-૯-૨૪ના રોજ ઋષી પંચમી છે. આ દિવસે શ્રધ્ધાળુઓ આખો દિવસ વ્રત રાખી અને સામો તથા ફળ ખાઈ પોતાની શકિત અનુસાર દાન-ધર્મ કરી પૂણ્યનું ભાથું બાંધશે. શ્રી પંચમીનું વ્રત રહેવાથી જીવનના બધા જ અશુભદોષો નાશ પામે છે. ઋષી પાંચમના દિવસે સવારે નિત્ય-કર્મ કરી સૌ પ્રથમ ગણપતિજીનું પૂજન કરવું. ત્યારબાદ એક સફેદ વસ્ત્ર બાજોઠ અથવા પાટલા ઉપર પાથરી તેના ઉપર ચોખાની ઢગલી કરવી તેમાં કળશ, શ્રીફળ મૂકી અને સોપારીમાં સપ્ત ઋષિના નામ બોલી તેનું આહવાન કરવું અને સોપારીમાં સપ્ત ઋષિનું પૂજન કરવું, સોપારીમાં વસ્ત્ર જનોઈ, કંકુ, ચોખા, ફલ, અબીલ ગુલાલ પધરાવી નૈવેધ આતરી કરૈવી ત્યારબાદ સ્ત્રી પાંચમની કથા વાંચવી. આ દિવસે બ્રાહ્મણોને ભોજન કરાવી દાન-દક્ષિણા આપવી શુભ છે. આમ, સાત ઋષીના નામ લઈ આ વ્રત રહેવું ૧. વણિષ્ઠ, ૨. કશ્યપ, ૩. અત્રી, ૪.જમદગ્નિ, ૫. ગૌતમ, ૬. વિશ્વામિત્ર, ૭. ભારદ્વાજ આ રીતે વ્રત કરવાથી જીવનના બધા જ દોષો નાશ પામે છે.

- શાસ્ત્રી રાજદિપ જોષી(વૈદાંત રત્ન)

## ઉનામાં સ્વામી ધર્મપ્રસાદજી બી.એડ. કોલેજ શિક્ષક દિવસની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા) ઊના તા.૭

ઊના શહેરમાં આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં આવેલ શાસ્ત્રી સ્વામી ધર્મપ્રસાદજી આર્ટસ કોલેજ, બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અધ્યેષ્ઠા શાસ્ત્રી સ્વામી માધવદાસજીની પ્રેરણાથી શિક્ષક દિવસના રોજ શિક્ષક બની સહ અધ્યીઓને ભણાવી ઉજવણી કરી હતી.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : શ્રી સોરઠીયા શ્રીગૌડ માળવીયા બ્રાહ્મણ મુળ દાત્રાણા હાલ જૂનાગઢ નિવાસી સ્વ. વિનોદરાય મંગળજી પુરોહીતનાં ધર્મપત્ની ગં.સ્વ. ઉર્મિલાબેન વિનોદરાય પુરોહીત (ઉ.વ. ૮૭) તે ગૌરાંગ વિનોદરાય પુરોહીત (નિવૃત શિક્ષક), હર્ષકાન્ત વિનોદરાય પુરોહીત (એડવોકેટ), અ.સૌ. ભાવનાબેન રસીકલાલ ભટ્ટ, અ.સૌ. પ્રજ્ઞાબેન જીતેન્દ્રકુમાર ભટ્ટનાં માતા તથા દ્વારકેશ, ચિંતન, સ્વ. અંકિત, હેમાંગના દાદીમાં, સ્વ. મલ્હાર, હાર્દિક, હિતાર્થી, માનસીબેનનાં નાની તથા મુ. જેતલસર સ્વ. છગનલાલ ભગવાનજી પંડયાના સુપુત્રી, સ્વ. પ્રકાશચંદ્ર, ભરતકુમાર, સ્વ. હર્ષદરાયના મોટાબેનનું તા. ૫-૯-૨૪ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમની કુટુંબપક્ષ તથા મોસાળપક્ષની સંયુકત સાદડી તથા બેસણું ભાદરવા સુદ-૬ સોમવાર તા. ૯-૯-૨૪નાં રોજ સાંજે ૪ થી ૫ કલાકે અક્ષર મંદિર (બીએપીએસ), વંથલી રોડ, જૂનાગઢ મુકામે રાખેલ છે.

**તહેવાર નિમિતે** માંગરોળનો પ્રખ્યાત લીલા નાળિયેરનો હલવો — **બે પેકેટની ખરીદી પર ૧ પેકેટ ફ્રી**
માંગરોળનો પ્રખ્યાત લીલા નાળિયેરનો હલવો ખાદીમ પાક આગામી પવિત્ર તહેવારો ગણેશ ચતુર્થિ, ઈદે મીલાદ, દશેરા તેમજ દિવાળી પર ખાસ ઓફર તહેવાર દિવસ પુરતી ૨૫૦/૫૦૦ તથા ૧ કિલોનાં બે પેકેટની ખરીદી પર ૧ પેકેટ ફ્રી આપવામાં આવશે
**આર. કે. હલવાવાળા**
ચીત્તાખાના રોડ, ગાંધી ચોક પાસે, જૂનાગઢ
મો. ૯૮૨૪૮ ૧૩૭૩૫

**:: શ્રીનાથજી યાત્રા સંઘ ::**
રેલ્વેમાં ચંપારણ, જગ્ગન્નાથપુરી, કલકત્તા (સીટી દર્શન), ગંગા સાગર, કૌનાંર્ફ, ભુવનેશ્વર, સાક્ષિ ગોપાલ, ચંદ્ર ભાગાબીચ, ધવલગીરી હીલ, નવેમ્બર, ડીસેમ્બરનું રેલ્વે બુકીંગ ચાલુ છે
:: કોન્ટેક ::
**સુરેશભાઈ મજીઠીયા**
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮
મો. ૯૪૨૮૬ ૯૯૭૬૩

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

# વેરાવળ જીઆઈડીસીમાંથી શંકાસ્પદ ૫૩૬૦ કીલો રેશનીંગના અનાજ સાથે ચાર ઈસમોને ઝડપી લેવાયા

## એલસીબીએ મળેલ બાતમીના આધારે કાર્યવાહી કરતા અનાજ માફીયાઓમાં ફફડાટ પ્રસર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

વેરાવળ જીઆઈડીસી વિસ્તારમાં એલસીબીએ એક ગોડાઉનમાં દરોડો પાડી ચોખા, ઘઉં અને બાજરાના ૧૦૮ બાચકામાં રહેલા ૫૩૬૦ કીલોનો શંકાસ્પદ જથ્થો સીઝ કરી બે છકડો રીક્ષા સાથે ચાર શખ્સોની અટકાયત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વેરાવળ સહિત સમગ્ર જીલ્લામાં મોટાપાયે રેશનીંગના અનાજની ગેરકાયદેસર હેરાફેરી થતી હોવાની ચર્ચાઓ વચ્ચે એલસીબીને બાતમી મળી હતી. જેના આધારે પીઆઈ



એ.બી.જાડેજાની સુચનાથી સ્ટાફના નરવણસિંહ, નટુભા બસીયા, ગોવિંદ વંશ સહિતના સ્ટાફે અત્રેની જીઆઈડીસીમાં ત્રીવેદી વે બ્રીજ પાસેના ઈકબાલ પાણાવટુ મેમણ રહે.કોડીનાર તથા અસ્પાક રહીમ પટણી રહે.વેરાવળ વાળાના કબ્જા ભોગવટાના ગોડાઉનમાં દરોડો પાડયો હતો. ત્યારે સ્થળ પરથી (૧) ચોખા ભરેલ બાચકા નંગ-૭૬ વજન ૩૮૦૦ કિલો કિં.રૂા.૭૬ હજાર, (૨) ઘઉં ભરેલ બાચકા નંગ ૨૮ વજન ૧૪૦૦ કિલો કિં.રૂા.૨૮ હજાર, (૩) બાજરો ભરેલ બાચકા નંગ ૪ વજન ૧૬૦ કિલો કિં.રૂા.૨૪૦૦ તથા બે છકડો રીક્ષા મળી કુલ કી.રૂા.૨.૫૬ લાખનો મુદામાલ સીઝ કર્યો હતો. આ સમયે ગોડાઉનમાં હાજર (૧) નઈમ ઈબ્રાહીમ જમાદાર, (૨) આસીફ ગુલામહુસૈન મુલ્તાની, (૩) સાદીક હુસૈન પટણી, (૪) ઝહીર આબેદહુસૈન કાદરી સૈયદ મુસ્લિમ ચારેય રહે.વેરાવળ વાળની અટકાયત કરી ૪૧-૧ ડી હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ અનાજનો જથ્થો પુરવઠા વિભાગને સોપીને રીપોર્ટ કરવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૩ સપ્ટેમ્બર સુધી આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરાશે

## વાહકજન્ય રોગો અટકાવવા આરોગ્ય તંત્ર દ્વારા અભિયાન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ચોમાસાની ઋતુમાં વરસાદ બાદ રોગચાળો ફેલાવાની સંભાવના રહેતી હોય છે, જેને નિવારવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૨૦૩૦ સુધીમાં ભારતને મેલેરિયા મુક્ત બને તે ઉદ્દેશ્યથી સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ૨૨ થી ૩૦ એપ્રિલ દરમિયાન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યો હતો. સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના બાદ રોગચાળાની પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે આગામી તા. ૧૩ સપ્ટેમ્બર સુધી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો બીજો રાઉન્ડ પણ ચાલુ કરી દેવાયો છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એમ.એન. ભંડેરીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મેલેરીયા અધિકારી ડો. એમ.ડી. જેઠવાની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવેલા આ સર્વેલન્સમાં જિલ્લાના તમામ આરોગ્ય




કર્મચારી તેમજ આશાવર્કરો હાઉસ ટુ હાઉસ સર્વેની સાથે સાથે જાહેર સ્થળો, બાંધકામ સાઈટ, ઔધોગિક સ્થળો વિગેરેની મુલાકાત લેશે અને ફીવર સર્વેલન્સ તેમજ પોરાની ઉત્પત્તિ થઈ શકે તેવી જગ્યાઓની તપાસ કરશે તેમ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવાયું છે.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
- પાણીપુરી
- ભેળ
- સમોસા રગડો
- મસાલાપુરી
- દાબેલી
- રગડા પેટીસ
- દહીપુરી
- દિલ્હી ચાટ
- બાસ્કેટ ચાટ
- સેવપુરી
- લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ**
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**ઝલઝલા આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ જીલ્લામાં પોષણ માહની ઉજવણી

## પોષણ ભી પઢાઈ ભી અને પૂરક આહાર અંગે બાળકો, સગર્ભા બહેનો, ધાત્રી માતાઓને માર્ગદર્શન અપાયું



જૂનાગઢ, તા.૭

દર વર્ષે 'સપ્ટેમ્બર માસમાં રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સાતમા 'રાષ્ટ્રીય પોષણ માહ'ની ઉજવણી સપ્ટેમ્બર-૨૦૨૪માં કરવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત ICDS હેઠળની પોષણ અને આરોગ્યની સેવાઓ પ્રત્યે જાગૃતતા લાવવા માટે જન આંદોલન તરીકે સમગ્ર માસમાં અલગ – અલગ એનિમિયા, પુરક ખોરાક, વૃદ્ધિ દેખરેખ, પોષણ ભી-પઢાઈ ભી, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોચાડવા ટેકનોલોજી તેમજ સર્વગ્રાહી પોષણ થીમ આધારિત પ્રવૃતિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢ જિલ્લા આઈ.સી.ડી.એસ દ્વારા પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં તા.૨ થી ૬ સપ્ટેમ્બર દરમ્યાન એક પેડ મા કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ પ્રવૃત્તિ, પોષણ ભી પઢાઈ ભી અને પૂરક આહાર થીમ ઉપર ઉજવણી કરવામાં આવી હતી. સરગવાળા-૧ આંગણવાડી કેન્દ્ર ખાતે સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓ, વાલીઓ, અધિકારીઓની ઉપસ્થિતિમાં સગર્ભા બહેનોને તેમની સગર્ભાવસ્થા દરમ્યાન રાખવાની થતી કાળજી સમતોલ આહાર તેમજ બાળકના જન્મથી લઈ ૨ વર્ષ એટલે કે સર્વાંગી વિકાસ માટે સોનેરી ૧૦૦૦ દિવસનું ધ્યાન રાખવા જેવી બાબતો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ બાળકના જન્મથી ૬માસ સુધી ફકત સ્તનપાન જેવા મુદ્દા વિશે વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. આ તકે પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવે દ્વારા આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત થીમ મુજબ પ્રવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કરી આંગણવાડી કાર્યકર દ્વારા પૂરક આહાર, સુશાસન-પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી અને પોષણ ભી પઢાઈ ભી અંગે જૂનાગઢ જિલ્લા પંચાયતના તાબા હેઠળની તમામ આંગણવાડી ખાતે ઉજવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢ જીલ્લા પંચાયત ખાતે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટની સમીક્ષા બેઠક યોજાઇ



જૂનાગઢ, તા.૭

જિલ્લા પંચાયત ભવન જૂનાગઢ ખાતે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.એક્ટ-૧૯૯૪ની સલાહકાર સમિતિની સમીક્ષા બેઠક મળી હતી. બેઠકમાં જિલ્લાની વિવિધ હોસ્પિટલ, ક્લિનિક, આરોગ્ય સંસ્થાઓને રીન્યુઅલ આપવા તેમજ નવા રજીસ્ટ્રેશન આપવા માટે કુલ ૧ સંસ્થાઓને મંજુરી આપવામાં આવી હતી. તેમજ ૨ નવી એજન્સીઓને રજીસ્ટ્રેશન માટે મંજુરી આપવામાં આવી હતી.

બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર સમિતિ દ્વારા કરવામાં આવેલ કલીનીક ઈન્સ્પેકશનનો રીવ્યુ કરવામાં આવેલ. તેમજ જિલ્લામાં કોઈપણ જગ્યાએ પીસી અને પીએનડીટી એક્ટનો ભંગ થતો હોવાનું ધ્યાને આવશે તો તે અંગે કડક પગલાં ભરવામાં આવશે. તે માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એમ.આર.સુતરીયા, પીએનડીટી કમિટીના ચેરમેન ભાવનાબેન વૈશ્નવ તેમજ આરોગ્ય શાખાના અધિકારીઓ એને સંબંધિત શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી બ્રહ્માનંદજી જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી. કિવઝ યોજાઈ



જૂનાગઢ, તા.૭

ગુજકોસ્ટ , ગુજરાત સરકાર પ્રસ્થાપિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ ૨૦૨૪ નું આયોજન કરવા આવ્યું હતું જે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાયલ તથા ટાટા કંટેટ લસી બેંગ્લોર દ્વારા સમગ્ર ભારતમાં યોજાઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં વધુને વધુ જાગૃત થાય તેવા હેતુથી આ ક્વિઝ રમાડવામાં આવે છે જેમાં જૂનાગઢ જિલ્લામાંથી ૧૨૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં ૧૫ વિદ્યાર્થીઓ આગામી ૧૩ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાએ જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ તમામ ભાગ લેતા તથા વિજેતા વિદ્યાર્થીઓને પૂજ્ય મુક્તાનંદજીબાપુ તથા ચેરમેન ગિજુભાઈ ભરાડ દ્વારા આશિર્વાદ આપ્યા હતા સાથે જૂનાગઢ જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેવી લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૧૦ સપ્ટેમ્બરના ભરતીમેળો યોજાશે

જૂનાગઢ તા.૭

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓ માટે જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાનગી ક્ષેત્રના એકમ વિનય ઈન્ડસ્ટ્રીઝ તથા સી.આઈ.ઈ ઓટોમોટીવ ઈન્ડિયા લી. એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ માર્કેટીંગ/સેલ્સ એકઝુકેટીવ, મિકેનીક, ઈલેકટ્રીક, ફિટર, સીક્યુરીટી ગાર્ડ તથા મશીન ઓપરેટરની જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી. એચ.એસ.સી., આઈ.ટી.આઈ. ડિપ્લોમા કે સ્નાતક ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે તા.૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી-વીંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે. ભરતીમેળામાં ભાગ લેનાર ઉમેદવારોએ, શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત રહેવું. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે.

આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ટેલિફોન નંબર (૦૨૮૫) ૨૬૨૦૧૩૯ ઉપર સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વેરાવળમાં આવતીકાલે ગુરૂ ગ્રંથ સાહિબના પ્રકાશ ઉત્સવની ભવ્ય ઉજવણી, નગરકીર્તનનું પણ આયોજન

વેરાવળ, તા.૭

વેરાવળમાં સ્થિત સચખંડ ગુરૂ દરબારમાં સમગ્ર વર્ષ તેમજ પ્રભાસ પાટણમાં દરમ્યાન શીખ સમુદાયના ૧૧ ગુરૂ દેવનાં તમામ ગુરૂપ્રભ ધામધૂમથી ઉજવાય છે પરંતુઆ વર્ષે ભારતના સુપ્રીમ કોર્ટ દ્વારા જીવિત ગુરૂનો દરજ્જો પ્રાપ્ત એવા ગુરુ ગ્રંથ સાહિબના પ્રકાશ ઉત્સવના આયોજનમાં આગામી તા. ૮ સપ્ટેમ્બર રવિવારે વેરાવળ તેમજ પ્રભાસ-પાટણમાં આવેલા તમામ ૭ ગુરૂ દરબારનાં ૭ ગુરૂ ગ્રંથ સાહિબ તેમજ ૩૫ જેટલા સેંચી સાહિબની ભવ્ય સવારી સાથે શોભાયાત્રા તેમજ ડીજેનાં તાલ સાથે નગરકીર્તન સાંજે ૭ કલાકે ગુરૂનાનક ચોક, હવેલી ચોક, બિહારીનગર, કરમચંદ ચોક થઈને લિલાશાહ બાગ ખાતે પૂર્ણાહુતિ થશે. જ્યાં વિવિધ સ્પર્ધાઓ, જૂનાગઢની મંડળી દ્વારા સત્સંગ તેમજ સમૂહ લંગરપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન ગુરૂનાનક કીર્તન મંડળી દ્વારા કરવામાં આવ્યું છે અને આ ભવ્ય આયોજનનો તમામ સમાજના લોકો તેમજ જાહેર જનતાને લાભ લેવા મંડળીનાં સેક્રેટરી નરેશ મોહનાણી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સર્ટીફાઈડ બિયારણના વેચાણની ઓનલાઈન નોંધણી તા.૧૧ સપ્ટેમ્બરથી શરૂ થશે

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આગામી રવી-૨૦૨૪-૨૫ ઋતુમાં વાવેતર માટે ચણાની **GJG-3**, **GG-5** અને **GJG-6**, જીરૂની **GC-4** અને ઘઉંની **Lok-1** અને **GW-496** જાતોના સર્ટીફાઈડ, ટ્રુથફુલ બિયારણના વેચાણ માટેની ઓનલાઈન નોંધણી માટેની અરજી જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ **www.jau.in** ઉપર તા.૧૧-૯-૨૦૨૪ થી તા.૨૪-૯-૨૦૨૪ સુધી કરવાની રહેશે. ખેડૂતમિત્રોએ બંને પાકમાંથી કોઈ પણ એક પાકનું એક જાતનું બિયારણ મેળવવા માટે અરજી કરવી એટલે કે જે ખેડૂતમિત્રએ જે પાક અને જાત માટે અરજી કરી હશે તેજ પાક અને જાતનું બિયારણ મળવાપાત્ર થશે. ખેડૂતમિત્રોની જેમની અરજી મંજુર થશે તેઓને અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર ઉપર બિયારણના વેચાણ, વિતરણ અંગેની **SMS**થી જાણ કરવામાં આવશે. બિયારણનું વેચાણ મેગાસીડ, જૂનાગઢ ખાતેથી કરવામાં આવનાર છે. ખેડૂતમિત્રોએ કરેલ ઓનલાઈન અરજી મુજબ ચણામાં વધુમાં વધુ ૫ બેગ (૧૨૫ કિ.ગ્રા.) તથા જીરૂમાં ૫ બેગ (૧૦ કિ.ગ્રા.) અને ઘઉંમાં ૧૦ બેગ (૪૦૦ કિ.ગ્રા.) મુજબ મળવાપાત્ર થશે. વધુ માહિતી માટે ઓનલાઈન અરજી કરવા માંગતા ખેડૂતભાઈઓએ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ **www.jau.in** પર જઈ બિયારણ મેળવવા માટેની ઓનલાઈન નોંધણીની અરજી કરતા પહેલા અરજી માટેની શરતોનો અભ્યાસ કરી લેવો. ખેડૂતમિત્રોએ ઓનલાઈન અરજીમાં રજીસ્ટર કરેલ મોબાઈલ નંબર પર **DND** એક્ટીવ હશે તો તે ખેડૂતોને બિયારણ ખરીદીનો જીસ્જી મળતો નથી. તો જે ખેડૂતમિત્રોના મોબાઈલમાં આ સુવિધા હોય તો તેને દુર કરવી. ઘણી વાર નેટવર્ક પ્રોબ્લેમ કે અન્ય કોઈ કારણોસર પણ જીસ્જી મળતો નથી. તો તેના માટે થઈ ને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ **www.jau.in** ઉપર અરજી મંજુર થયેલ ખેડૂતમિત્રોનું લીસ્ટ મુકવામાં આવે છે. જેમાં આપનું નામ હોઈ અને મેસેજ મળેલ ન હોય તો તે લીસ્ટમાં જણાવેલ તારીખમાં બિયારણ લેવા આવી જવું. આમ, બિયારણ વિતરણ અને પાકના ભાવ સબંધિત માહિતી તેમજ ખેડૂતમિત્રોની મંજુર થયેલ યાદીનું લીસ્ટ જોવા માટે યુનિવર્સીટીની વેબસાઈટ **www.jau.in** દરરોજ જોતા રહેવી. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનિકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો. તેમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર ખાતે શિક્ષક દિનની ઉજવણી

## ક્ષણે ક્ષણે નવું શીખવે એનું નામ શિક્ષણ, જે માતૃહૃદય રાખીને શીખવે એનું નામ શિક્ષક



જૂનાગઢ, તા.૭

ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓમાં ગુરૂઓનું મહત્વનું સ્થાન રહ્યું છે. આપણાં શાસ્ત્રો અને પુરાણોમાં પણ ગુરૂની મહિમાનો સવિશેષ ઉલ્લેખ જોવા મળે છે. આપણાં દેશના પૂર્વ મહામહિમ રાષ્ટ્રપતિશ્રી ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણને પોતાના જન્મદિવસને શિક્ષક દિનના રૂપમાં ઉજવીને રાષ્ટ્ર માટે કાર્ય કરવાં વિદ્યાર્થીઓને અપીલ કરી હતી, જેથી આ દિવસે વિદ્યાર્થીઓ શિક્ષકોના સ્વરૂપમાં શાળાઓમાં અધ્યયનનું કાર્ય કરે છે. વિદ્યાર્થીઓમાં મૂલ્યનિષ્ઠ સંસ્કારોનું સિંચન થાય, ચારિત્ર્યનું નિર્માણ થાય, સુષુપ્ત શકિતઓ જાગૃત થાય, બુદ્ધિમત્તાનું વિસ્તરણ થાય, તેઓ આત્મ નિર્ભર બને તેમજ તેઓમાં પોતાના શિક્ષકો (ગુરૂઓ) પ્રત્યે અપ્રતિમ માન-સન્માનની લાગણી પણ જન્મે તે માટે શિક્ષક દિવસની ઉજવણી શિક્ષણ જગતમાં આગવું સ્થાન ધરાવે છે.

માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૦૫-૦૯-૨૦૨૪ ને ગુરૂવારના રોજ 'શિક્ષક દિવસ'ની અનેરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી પ્રભાબેન બુટાણી અને સુશ્રી અલ્પાબેન ડાંગર તેમજ વિદ્યાગુરૂશ્રીઓના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક અને સહશૈક્ષણિક સહિતની અનેક પ્રવૃતિઓમાં બહોળી સંખ્યામાં સહભાગી થયેલ વિદ્યાર્થિનીઓને પુરષ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ તકે મહામહિમ પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનના શૈક્ષણિક યોગદાન બદલ ઋણ સ્વીકારનો પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિતના ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખંભાળિયામાં આવેલી સરકારી જીલ્લા લાયબ્રેરીમાં છે ૧૪,૫૦૦ પુસ્તકો : જેમાં બાળકો માટે છે ખાસ અલગ વિભાગ

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા, તા.૭

સમગ્ર વિશ્વમાં તા. ૬ સપ્ટેમ્બરના રોજ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ' તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનું મહત્વ વાંચનના આનંદની ઉજવણી કરવાનું, તેમજ વાંચનની પ્રવૃત્તિમાં લોકો રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનુ છે. ખંભાળિયા ખાતે આવેલી સરકારી લાયબ્રેરીમાં વિવિધ ભાષાના ૧૪,૫૦૦ જેટલા પુસ્તકો છે. આ પુસ્તકાલયમાં ૧૪૫૦ જેટલા સભ્યો છે. આ અંગે લાયબ્રેરીના ગ્રંથપાલ હિમંત ડાંગરે વિગતો આપતા કહ્યું હતું કે, રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા દ્વારા તા. ૨૦-૦૪-૨૦૨૩ ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે સરકારી જિલ્લા લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. હાલમાં આ લાયબ્રેરીમાં વિવિધ ભાષાના ૧૪,૫૦૦ જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે. આ સિવાય પુસ્તકાલયમાં પુરૂષ, મહિલાઓ અને બાળકો માટે અલગ અલગ વાંચનાલય વિભાગ, પુસ્તક આપ-લે વિભાગ, ગ્રંથભંડાર જેવા વિભાગો કાર્યરત છે. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં આ પુસ્તકાલય જૂની મામલતદાર કચેરી ખાતે કાર્યરત છે. ખંભાળિયા - પોરબંદર રોડ પર અંદાજીત રૂા. છ કરોડના ખર્ચે સરકારી જિલ્લા લાયબ્રેરીના નવા ભવનનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ છે. જેમ અન્ન એ શરીરનો ખોરાક છે, તેવી જ રીતે મનનો ખોરાક છે પુસ્તક. પુસ્તક વાંચનથી આપણા વિચારોમાં શુદ્ધી આવે છે. અહીં મોટી સંખ્યામાં લોકો ખૂબ જ સારી રીતે પુસ્તકાલયનો લાભ લઈ રહ્યા છે. અને હજુ પણ વધુ શહેરીજનો આ પુસ્તકાલયનો લાભ લ્યે તેવી અપીલ કરૂ છું. આ વચ્ચે પુસ્તકાલયના સભ્ય તુલસીદાસ ભાયાણીએ જણાવ્યું હતું કે, મને પુસ્તકો વાંચવાનો વર્ષોથી શોખ છે. અને હું અહીંથી પુસ્તક વાંચવા માટે લઈ જાવ છું. પુસ્તકાલયમાં રહેલા પુસ્તકો વિવિધ માહિતી સભર છે. અહીંના સ્ટાફ દ્વારા પણ સારી કામગીરી કરવામાં આવી રહી છે. અન્ય એક સભ્ય વિનોદભાઈ તિવારીએ જણાવ્યું હતું કે, હું ૩૦ વર્ષથી ગુજરાતમાં રહું છું અને કન્સ્ટ્રક્શન લાઈન સાથે સંકળાયેલો છું. પરંતુ વાંચનના શોખના કારણે હું નિયમિત લાયબ્રેરીમાં આવું છું અને અહીં જ બેસીને વાંચન કરું છું. અહીં તમામ પ્રકારના પુસ્તકો ઉપલબ્ધ છે. વાંચન કરવાથી જ્ઞાનમાં વધારો થાય છે. ઘણી નવી નવી વાતો જાણવા અને શીખવા મળે છે.પુસ્તક વાંચનના મહત્વને ધ્યાનમાં રાખીને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના નાગરિકો માટે 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યુ હતું.

# ઉર્ષ મેળા નિમિત્તે સ્ટોલ માટે જુમલે ઉધડ ભાડાથી આપવા માટેની થશે જાહેર હરાજી

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ ખાતે આવેલા ઉપલા અને નીચલા દાતારના આગામી ઉર્ષના મેળાની ઉજવણી તારીખ ૧૩/૯/૨૦૨૪થી ૧૭/૯/૨૦૨૪ સુધી મુસ્લીમ તારીખ મુજબ થનાર છે ત્યારે નીચલા દાતાર પાસે આવેલા દાતાર ટ્રસ્ટની માલિકીની ઉર્ષ મેળાની રિઝર્વ ખુલ્લી જમીન સને-૨૦૨૪ના ઉર્ષ મેળા નિમિત્તેના સ્ટોલ માટે જુમલે ઉધડ ભાડાથી આપવા માટેની જાહેર હરરાજી તા.૪/૯/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨-કલાકે મામલતદાર કચેરી જૂનાગઢ(શહેર) ખાતે રાખવામાં આવેલ છે. તો હરરાજીમાં રસ ધરાવનાર ઈસમોએ હાજર રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ ડિપોઝિટ પેટે ૧૪,૦૦૦ની રકમ જમા કરવાની રહેશે તેમજ હરરાજી માટે જગ્યાની અપસેટ કિંમત રૂા.૧,૪૦,૦૦૦ નક્કી કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ બોલી લગાવવાની રહેશે તેમજ હરરાજીની અન્ય શરતો હરાજી શરૂ થતા પહેલા વાંચી સંભળાવવામાં આવશે તે તમામને બંધન કરતા રહેશે. તેમ મામલતદાર કચેરી જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ દાતારેશ્વર મહાદેવ આશ્રમ (આમકુ) ખાતે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન

જૂનાગઢ, તા.૭ : જય ગીરનારી શ્રી દાતારેશ્વર મહાદેવ જય દ્વારકાધીશ, સતં શિરોમણી ગુરૂ મહારાજ કૈલાસવાસી કાશ્મીરીબાપુના દિવ્ય આશીર્વાદથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું દિવ્ય આયોજન શ્રી દાતારેશ્વર મહાદેવ આશ્રમ (આમકુ) ખાતે કરવામાં આવેલ છે. કથા પ્રારંભ સંવત-૨૦૮૦ના ભાદરવા તા.૧૧/૯/૨૦૨૪ સુદ આઠમથી ભાદરવા સુદ અનંત ચતુર્દશીને તા.૧૭/૯/૨૦૨૪ મંગળવાર સુધી દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬નો રહેશે તો કથાનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને એક યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ઘટના છૂપાવવાની રાજકીય પક્ષોની આદત

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં એક મહિલા જુનિયર ડોક્ટર સાથે બળાત્કાર અને તેની જઘન્ય હત્યા બાદ જે પ્રકારનો આક્રોશ દેશભરની સડકો પર દેખાયો, તેને જોઈને એકવાર તો લાગ્યું કે હવે બહુ થઈ ગયું, હવે આ શ્રેણીનો અપરાધ નહીં થાય. પરંતુ થયું શું? તેના બાદ પણ દેશના અલગ-અલગ હિસ્સામાંથી એ જ ગંભીરતાની હિંસા, અત્યાચારના સમાચારો આવ્યા. તેમાં કોઈ રાજકીય સરસાઈને અવકાશ નથી, કારણ કે જે રાજ્યમાંથી આ સમાચાર આવ્યા હતા તે બધા અલગ-અલગ પક્ષોથી શાસિત છે. લગભગ એવી જ સ્થિતિ છે જે નિર્ભયા કેસ બાદ જોવા મળી હતી.

નિર્ભયા કેસ વખતે આખા દેશમાં આક્રોશ વ્યાપી ગયો હતો અને સામુહિક ગુસ્સાના વિસ્ફોટે ઘણું બધું બદલી નાખ્યું હતું. ફોજદારી કાયદા, દંડ પ્રક્રિયા સંહિતા, પુરાવા એકત્ર કરવા અને તેને અદાલતોમાં રજૂ કરવાથી માંડીને પીડિતા પ્રત્યે પરિવાર અને સમાજના દૃષ્ટિકોણ સુદ્ધાંમાં આમૂલ પરિવર્તન થયું. વધુ ત્વરિત અને કઠોર દંડની જોગવાઈ કરવામાં આવી. લાંબી થકવનારી ન્યાયિક કાર્યવાહીને તિલાંજલિ આપીને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલેલા નિર્ભયા કેસના દોષીઓને યથોચિત સજા મળી, ચાર દોષીઓને ફાંસીના ફંદા પર લટકાવી દેવામાં આવ્યા, પરંતુ શું એવા જઘન્ય અપરાધો પર રોક લાગી શકી?

એ નિરાશાજનક લાગે છે કે વિરોધ અને ભર્ત્સનાની તમામ પ્રતિક્રિયાઓ છતાં નિર્ભયા કાંડ બાદ પણ લગભગ દર વર્ષે એવી જ ઘટનાઓ ઘટતી રહી. એક ઉલ્લેખનીય વાત એ છે કે આવી ઘટનાઓ દેશના કોઈ એક હિસ્સામાં નથી ઘટી અને ના કોઈ એક પક્ષની સરકારે તેના માટે દોષી ઠેરવી શકાય છે. અલગ-અલગ ભાષાની, સાંસ્કૃતિક અને રાજકીય પૃષ્ઠભૂમિવાળા ક્ષેત્રોમાં ઘટતી આ ઘટનાઓનું બારીકીથી અધ્યયન કરતાં કેટલીક અદ્ભૂત સમાનતા જોવા મળે છે.

નિર્ભયા કાંડ બાદ પીડિતાના પરિવારોની પ્રતિક્રિયા સામાન્ય રીતે બદલાઈ છે. પહેલાંના મુકાબલે વધુ પરિવારો પીડિતો સાથે ઊભા દેખાયછે. હવે વધુ દેખાય છે કે મા, બાપ કે ભાઈ, બહેન જેવા નજીકના સંબંધી પીડિતાને જ દોષી નથી ઠેરવતા અને એના પર દબાણ નથી કરતા કે તે પોતાની સાથે બનેલ દુર્ઘટનાની કોઈને ફરિયાદ ન કરે અને તેને ભૂલી જાય. તેઓ પોલીસ પાસે ખુદ જાય છે અને ફરિયાદ લખાવે છે, અથવા પીડિતાને પ્રોત્સાહિત કરે છે કે તે ખુલીને પોતાની સાથે બનેલ બનાવને પોલીસ કે ન્યાયાલય સામે રજૂ કરે. ઉત્તરોત્તર પોલીસ અને ન્યાયપાલિકામાં મહિલાઓની વધી રહેલી સંખ્યાએ આ કામને આસાન પણ કરી દીધું છે. તેનાથી વિપરીત પરિવારોની બહારના સમાજની પ્રતિક્રિયા એટલી ઉત્સાહજનક નથી. બહારની દુનિયાની પ્રતિક્રિયા લગભગ એક જેવી અને નિરાશાજનક જ મળી.

પહેલાં કાર્યસ્થળના સહકર્મીઓની પ્રતિક્રિયા જોઈએ. નિર્ભયા બાદની એવી કેટલીય ઘટનાઓનું બારીકીથી અધ્યયન કરતાં આ તકલીફજનક સચ્ચાઈ જોવા મળી. કાર્યસ્થળ પર લગભગ તમામ ઘટનામાં વરિષ્ઠ સહયોગીઓએ પીડિતા સાથે ઊભા રહેવાને બદલે કેસને રફે-દફે કરવાનો પ્રયાસ કર્યો. કેટલાય મામલે તો તેમણે પહેલાં પીડિતાને જ દોષી ઠેરવવાની કોશિશ કરી. કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજનું હાલનું પ્રકરણ તો આ પ્રવૃત્તિનો નમૂનો માત્ર છે. આ મામલે મૃકના વરિષ્ઠ સહકર્મીઓ, જેમાં પ્રિન્સિપાલ પણસ ામેલ હતો, તેમણે શરૂઆતથી જ તેના પરિવાજનોને એ સમજાવવાની કોશિશ કરેલી કે તેણે આત્મહત્યા કરી છે. આ તો કેટલાય કલાકોની જહેમત બાદ જ્યારે મા-બાપ લાશ જોઈ શક્યા અને તેમણે શરીરનાં વિભિન્ન અંગો પર ઈજાનાં નિશાન અને તેમાંથી દૂઝતું લોહી જોયું અને તેમણે બૂમરાણ મચાવી ત્યારે જઈને પોલીસ અને કોલેજ પ્રશાસકોને મજબૂર થઈને હત્યાનો કેસ દાખલ કરવો પડ્યો. કદાચ કાર્યસ્થળના સહયોગી એ વાતે પણ ડરતા હોય કે આ ઘટનાની જવાબદારી તેમના પર આવી શકે છે. ન્યાયના પક્ષમાં ઊભા રહેવા માટે જે નૈતિક સાહસની જરૂર હોયછે, તેનો આપણા સમાજમાં અભાવ આ પ્રવૃત્તિ માટે જવાબદાર છે.

સ્ત્રીઓ સાથે ઘટિત હિંસાની ઘટનાઓમાં સામાન્ય રીતે દરેક જગ્યો સરકારોનું વલણ તેમને કમતર કરીને આંકવા અને પ્રચારિત કરવાનું હોય છે. આરજી કર મેડિકલ કોલેજનું ઉદાહરણ તો એક નમૂનો છે. અહીં જો કોલકાતા હાઈકોર્ટ અને બાદમાં સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ ન કર્યો હોત તો કેસના મૂળ સુધી પહોંચવું લગભગ અસંભવ હોત. વિભિન્ન રાજ્યોમાં બનતી આવી ઘટનાઓનું અધ્યયન કરતાં જોવા મળે છે કે સરકારોનું વલણ દરેક જગ્યાએ એક સમાન હતું. કદાચ એ સત્તાનો તર્ક હોય છે કે દરેક ઘટના બાદ સરકારો કે તેમના કેટલાક અધિકારીઓ પહેલાં ઈનકાર કરી દે છે, પછી તેને કમતર આંકવાનો આગ્રહ રાખે છે અને જ્યારે મીડિયા કે ન્યાયપાલિકાનો હસ્તક્ષેપ મજબૂર કરી દે છે ત્યારે જઈને સ્વીકારે છે કે કંઈક ગંભીર થયું છે.

આમાં સૌથી દુર્ભાગ્યપૂર્ણ ભૂમિકા પોલીસની હોય છે. દરેક જગ્યાએ પોતાના રાજકીય આકાઓની આંગળીના ઈશારે તેણે નાચવું પડે છે. પોલીસ રાજ્યનું સૌથી દૃશ્યમાન અંગ છે અને તે જ આવા સંકટ સમયે કામ કરતું દેખાય છે. નિર્ભયા કાંડ બાદ પણ ઘણા કેસોમાં જોવા મળ્યું હતું કે પોલીસે દર વખતે પહેલાં તો કોઈ અપરાધિક ઘટના બની હોવાનો ધરાર ઈનકાર કરી દીધો અને જ્યારે મજબૂર થઈને તેનો સ્વીકાર કર્યો તો પણ તેની ગંભીરતા ઓછી કરીને દેખાડવાની દરેક શક્ય કોશિશ કરી. દેખીતું છે કે એવું તેણે સત્તાધારી પાર્ટીના ઈશારે જ કર્યું હોય. તેના આ આચરણથી પોલીસ સુધારા સાથે જોડાયેલ જૂની ચર્ચાઓને ફરીથી દોહરાવવાની જરૂરિયાત તાજી થઈ ગઈ. ખબર નહીં એવું ક્યારે બનશે કે રાજ્યોના મુખ્યમંત્રીઓ એવું લાગશે કે તેમની સરકારની છબિ કોઈ ઘટનાને છૂપાવવાથી નહીં, પરંતુ અપરાધ સામે સખ્તાઈથી કામ લેવાથી અને ન્યાયોચિત કાર્યવાહી કરવાથી બહેતર દેખાશે.

### છાપીમાં સનસનાટીભરી લૂંટની વાત સામે આવી

# જૂનાગઢ બાદ બનાસકાંઠામાં પણ દોઢ કિલો સોનાની સનસનાટીભરી લૂંટ

## આંગડિયા કર્મચારીના દાગીનાભરેલા થેલાની લૂંટ થઈ છે અજાણ્યા શખ્સો થેલો લૂંટીને ફરાર થઈ ગયા છે

બનાસકાંઠા, તા.૭

જૂનાગઢમાં થયેલી લૂંટમાં સમાચાર હજી ઓસર્યા નથી ત્યાં બનાસકાંઠાના છાપીમાં સનસનાટીભરી લૂંટની વાત સામે આવી છે. આંગડિયા કર્મચારીના દાગીનાભરેલા થેલાની લૂંટ થઈ છે. અજાણ્યા શખ્સો થેલો લૂંટીને ફરાર થઈ ગયા છે. આંગડિયા પેઢીના કર્મચારીને થેલો ઝૂંટવી લઈને લૂંટ ચલાવાઈ છે. છાપી નજીક લૂંટના સીસીટીવી પણ સામે આવ્યા છે. અમદાવાદથી રાજસ્થાન જતી બસમાં આ બનાવ બન્યો છે. બાઈક પર આવેલા લૂંટારુઓએ આ લૂંટ કરી છે. જિલ્લાની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. લૂંટારીઓએ દોઢ કિલો સોનાના દાગીનાની લૂંટ ચલાવી હોવાનું અનુમાન છે. એસપી સહિતના અધિકારીઓ તપાસ હાથ ધરી છે. સીસીટીવીના આધારે લૂંટારુઓને ઝડપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલનપુર અમદાવાદ હાઈવે પર આ ઘટના બની છે. આંગડિયા કર્મચારી રાજસ્થાનની બસમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન ભરકાવાડા હોટેલ નજીક ઘટના બની છે. સવારે નવ વાગે ઘટના બનતા એસપી, એસઓજી, છાપી પોલીસની એલસીબી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. બસ ભરકાવાડા પાસે હોટેલ પર ચાનાસ્તા માટે ઊભી રહી હતી.આંગડિયા કર્મચારીપાસેથી સોનું ભરેલો થેલો લૂંટી બે લૂંટારુઓએ ફરાર થયો હતો. બાઈક પર આવેલા બે લૂંટારુઓએ આ લૂંટને અંજામ આપ્યો છે. સમગ્ર ઘટનાના સીસીટીવી સામે છે. આના પગલે છાપી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ પહેલા આજે જૂનાગઢમાં પણ એક કરોડથી વધુ રૂપિયાની લૂંટ થઈ હતી. આશ્ચર્યની વાત તો એ છે કે આ લૂંટ પણ આંગડિયાને ત્યાં જ થઈ હતી અને તે પણ સોનાના દાગીનાની જ લૂંટ હતી. અમદાવાદની પેઢીનાં કર્મચારીઓને કેટલાક અજાણ્યા શખ્સોએ હથિયારોનાં જોરે લૂંટી લીધા હતા. આ ઘટનામાં અંદાજે ૧ કરોડથી વધુની રકમની લૂંટ થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

### રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સૌને આવકાર્યા

# શિક્ષક દિનની ગુજરાત પોલીસ દ્વારા અનોખી ઉજવણી થઈ

## ડીજીપી અને એડીજીપી સહિતની રેન્કના સૌ નિવૃત્ત પોલીસ અધિકારીઓનું આદરપૂર્વક સન્માન કરવામાં આવ્યું

અમદાવાદ, તા.૭

ગુરૂ વંદનાના ખાસ દિવસ એવા શિક્ષક દિન નિમિત્તે આજે ગુજરાત પોલીસ દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પોલીસ અધિકારીઓએ પોતાની આખી જિંદગી ગુજરાત પોલીસ સેવામાં વિતાવી છે અને અનેક નવીન પરિવર્તનો હાથ ધરી ગુજરાત પોલીસના ગૌરવમાં વધારો કર્યો છે, તેવા ડીજીપી અને એડીજીપી સહિતની રેન્કના નિવૃત્ત પોલીસ અધિકારીઓને એક મંચ પર એકત્રિત કરી તમામ અધિકારીશ્રીઓનું આદરપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ૪૦થી વધુ નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સૌ આમંત્રિત નિવૃત્ત અધિકારીઓને આવકારતા જણાવ્યું હતું કે, દેશ અને રાજ્ય માટે જે સમર્પિત ભાવથી આપ સૌ નિવૃત્ત અધિકારીઓએ સેવા આપી છે તેનો આદર અને સન્માન કરવું એ માત્ર કર્તવ્ય જ નહિ અમારી ફરજ પણ છે.

વિકાસ સહાયે ઉમેર્યું કે, 'પરિવાર'ની ભાવના આપણા પોલીસ ખાતામાં વિશેષરૂપે જોવા મળે છે, એટલે જ 'પોલીસ પરિવાર' શબ્દ ખાસ સંભાળવા મળે છે. આ પરિવારમાં નિવૃત્ત પોલીસ અધિકારીશ્રીઓ પણ એક મહત્વનું સ્થાન ધરાવે છે. એટલે જ, માર્ગદર્શક તરીકે ગુજરાત પોલીસને હરહંમેશ યોગ્ય રાહ ચીંધતા નિવૃત્ત સૌ અધિકારીઓને મેન્ટર તરીકે સન્માનિત કરવા માટે શિક્ષક દિનથી ઉચિત અન્ય કોઈ દિવસ ન હોઈ શકે. આ પ્રસંગે પોલીસ ભવન ખાતે ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓની સુવિધા માટે અંદાજે રૂ.૭.૪૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આધુનિક જીમ, ઘોડિયાઘર તેમજ બે કોન્ફરન્સ હોલનું પણ નિવૃત્ત અધિકારીશ્રીઓ તેવા ગુરુજનોના હસ્તે નામાંકન કરવામાં આવ્યું હતું. શિક્ષક દિવસ પ્રત્યેક વ્યક્તિને પોતાની સફળતાના આધાર એવા ગુરુજીનું સ્મરણ કરવાનું યાદ અપાવે છે. આજે ગુજરાત પોલીસે પણ સૌ પથદર્શક નિવૃત્ત અધિકારીઓ એવા ગુરુજનોનું સન્માન કરીને આ દિવસને સાચા અર્થમાં ઉજવ્યો છે.

આ વિશેષ સન્માન સમારોહ પ્રસંગે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે સૌ આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત પ્લાન્ટ અને મોમેન્ટો આપીને કર્યું હતું. આ પ્રકારના કાર્યક્રમનું આયોજન સૌ પ્રથમ વખત થયું હોવાના ભાવ સાથે સૌ આમંત્રિત નિવૃત્ત અધિકારીઓ દ્વારા આ આયોજનની પ્રશંસા કરી હતી અને પોતાના લાગણીસભર પ્રતિભાવો પણ વ્યકત કર્યા હતા. આ પ્રસંગે જેલ ડીજીપી કે.એલ.એન રાવે સ્વાગત પ્રવચન કર્યું હતું અને આર્મ્સ યુનિટ એડીજીપી શ્રી રાજુ ભાર્ગવે સૌ આમંત્રિતોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમારોહમાં નિવૃત્ત ડીજીપી પી.કે.બંસલ, પી.સી. પાન્ડેય, એસ.એસ. ખંડવાવાલા, પ્રમોદ કુમાર, પી.પી. પાન્ડેય, ગીથા જોહરી, શિવાનંદ ઝા, શ્રી એ.કે. સિંઘ, ઓ.પી.માથુર, અનિલ પ્રથમ સહિતના નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ તેમજ ગુજરાત પોલીસમાં સેવારત ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં ચૂંટણીઓ જાહેર થઈ ગઈ

# ગુજરાત ભાજપ નેતાઓના ચૂંટણી પ્રચાર માટે જમ્મુ કાશ્મીર અને હરિયાણામાં ધામા

## ગુજરાતમાંથી મહારાષ્ટ્ર અને જમ્મુ કાશ્મીરમાં અને હરિયાણાની વિધાનસભા ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપાઈ છે

અમદાવાદ, તા.૭

હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે. હરિયાણામાં ભાજપ પોતાની સતા જાળવી રાખવા અને ૩૭૦ કલમ બાદ યોજનાર ચૂંટણીમાં ભાજપ પગ પેસારો કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે પ્રત્યેક ચૂંટણી માફક ગુજરાતમાંથી પણ ભાજપના ટોચના કાર્યકરો ચૂંટણી પ્રચાર માટે ગુજરાતમાંથી પહોંચ્યા છે.

આવનાર હરિયાણા અને જમ્મુ કાશ્મીર ચૂંટણી પ્રચાર રણનીતિ અંગે ભાજપના પ્રવક્તા યમલ વ્યાસે જણાવ્યું હતું કે, "ભાજપ હંમેશા જ્યાં આગામી વિધાનસભા ચૂંટણીઓને હોય ત્યાં ચૂંટણી કામગીરી માટે સિનિયર નેતાઓ કામગીરી સોંપવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે ગુજરાત ભાજપના નેતાઓનો પ્રચાર માટે ગુજરાતમાંથી મહારાષ્ટ્ર અને જમ્મુ કાશ્મીરમાં અને હરિયાણાની વિધાનસભા ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપાઈ છે.

જેમાં ચૂંટણી પ્રચાર માટે જોડ્યા છે. ત્યારે ગુજરાત ભાજપના મહિલા મોરચાની ટીમ જમ્મુ કાશ્મીર ચૂંટણી પ્રચાર માટે ગયા છે. મહિલા મોરચાના પ્રમુખ દીપિકા સરડવા અને તેમની ટીમ સાથે પદાધિકારીઓ જમ્મુ કાશ્મીર પહોંચ્યા છે. હરિયાણામાં પણ ચૂંટણી પ્રચાર અર્થે સંગઠન અને સરકારના પ્રતિનિધિઓ જશે. હરિયાણા વિવિધ બેઠકોમાં ચૂંટણી પ્રચારની કામગીરી અને સંગઠન જે જવાબદારી મુજબ કામગીરી કરશે. મહારાષ્ટ્ર ગુજરાતનું પાડોશી રાજ્ય છે. મહારાષ્ટ્રમાં પણ મોટી સંખ્યામાં ગુજરાતી સમાજ વસવાટ છે. આવનાર દિવસોમાં મહારાષ્ટ્ર વિધાનસભાની વિવિધ બેઠકોમાં ગુજરાત ભાજપના નેતાઓ જવાબદારી સોંપવામાં આવી છે. જેના ભાગરૂપે આરોગ્યમંત્રી મંત્રી ઋષિકેશ પટેલ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાને મહારાષ્ટ્રના વિવિધ બેઠકો જવાબદારી સોંપવામાં આવી છે. જેના ભાગરૂપે ચૂંટણી પૂર્વે જ ગુજરાત ભાજપના નેતાઓ મહારાષ્ટ્રના ચૂંટણી પ્રચારનો શરૂઆત કરી છે. જેના ભાગરૂપે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે મહારાષ્ટ્રના અમરાવતીમાં કાર્યકરો સાથે વાર્તાલાપ કર્યો હતો.તો એવી જ રીતે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા મુંબઈ ખાતે ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા હતા. ત્યાં કાર્યકરો સાથે મુંબઈના નકશા મારફત વિવિધ બેઠકોનો સમાવેશ ચિતાર મેળવીને કાર્યકરો સાથે સંવાદ યોજ્યો હતો. આમ જ્યાં ચૂંટણી છે તે રાજ્યોમાં અને આવનાર ચૂંટણી જે રાજ્યોમાં યોજવાની છે ત્યાં ગ્રાઉન્ડ મજબૂત કરવા ગુજરાત ભાજપના નેતાઓ કામે લાગી ગયા છે.

મહત્વનું છે કે, જે રાજ્યોમાં ચૂંટણી હોય ત્યાં ચૂંટણીલક્ષી જવાબદારી નિભાવતા હોય છે. લોકસભાની ચૂંટણીમાં પણ ૮૦ બેઠકો ધરાવતા ઉત્તર પ્રદેશમાં ગુજરાત ચૂંટણી બાદ જ્યારે ૪૧ બેઠકોનું મતદાન બાકી હતું ત્યારે ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના સંગઠનના નેતા, ધારાસભ્યો, સંસદસભ્યો, યુવા મોરચા, અનુસૂચિત જાતિ મોરચા સહિતના મોરચાને ભારતીય જનતા પાર્ટીએ કામે લગાડ્યા હતા જેમાં ગુજરાત પ્રદેશ પક્ષમાંથી સિનિયર અને યુવાન નેતાઓને ઉત્તર પ્રદેશની ૪૧ બેઠકો માટેના પ્રચાર પસાર જવાબદારી સોંપીને લોકસભામાં ચૂંટણી પ્રચાર માટે મોકલ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જ્યાં સાહસ છે, ત્યાં સિધ્ધિ છે...

- રા. વિ. પાઠક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થી, વરદ ચતુર્થી, જૈન સંવત્સરી (ચતુર્થી પક્ષ) તા.૭ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૩, ચિત્રા નક્ષત્ર, બ્રહ્મ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ અગત્યની કામગીરીમાં સફળતા મળે. ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભઃપુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધીને પીછેહટ કરવી પડે.
મિથુનઃતમારી આશાઓ ફળતી લાગે. વ્યવહાર જળવાઈ રહે.
કર્કઃ આવેલ તકનો સદ્ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.
સિંહઃ આર્થિક પ્રશ્નોનો ઉકેલ આણી શકો. આરોગ્ય કાળજી રાખવી.
કન્યાઃ મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય.
તુલાઃ ધીરજ રાખવી હિતાવહ. સંતાનવર્ગથી લાભ થાય.
વૃશ્ચિકઃનવું નાણાંકીય રોકાણ ન કરવું. જીવનસાથીથી લાભ રહે.
ધનઃ કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે. હિતશત્રુઓથી સાવધ રહેવું.
મકરઃ તમારા પ્રયત્નો દિપી ઉઠે, સામાજિક કાર્યમાં સફળતા મળે.
કુંભઃ પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.
મીનઃ મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.

### રાજ્યમાં રેશનિંગ કાર્ડધારકોનું સફળ E-KYC

# ૧૦૦ ટકા e-KYC સમયમર્યાદામાં પૂર્ણ કરવા દેશવ્યાપી ઝુંબેશ હાથ ધરાઈ

## રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬.૧૯ લાખ રેશનકાર્ડનાં ૭૮.૫૪ લાખ લાભાર્થીઓની e-KYC વેરીફીકેશન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે

અમદાવાદ, તા.૭

કેન્દ્ર સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સહિત તમામ રાજ્યના લાભાર્થીઓના-જનસંખ્યાના રેશનકાર્ડને આધાર નંબર સાથે સીડ કરી સાચા અને તે જ વ્યક્તિના આધાર નંબરો સીડ થાય તે માટે ૧૦૦ ટકા e-KYC સમયમર્યાદામાં પૂર્ણ કરવા દેશવ્યાપી ઝુંબેશ હાથ ધરાઈ છે. આ ઝુંબેશમાં સહભાગી થઈને e-KYC કરાવવા રેશનકાર્ડ ધરાવતા લાભાર્થીઓને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વધુમાં યાદીમાં જણાવ્યા મુજબ રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬.૧૯ લાખ રેશનકાર્ડનાં ૭૮.૫૪ લાખ લાભાર્થીઓની e-KYC વેરીફીકેશન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે, બાકીના રેશનકાર્ડ લાભાર્થીઓની e-KYC પ્રક્રિયા વેહલી તકે પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રેશનકાર્ડ ધારકો હવે સરળતાથી ઘરેબેઠાં 'MY RATION' મોબાઈલ એપ્લિકેશન થકી e-KYC કરી શકે છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ મામલતદાર- ઝોનલ કચેરીમાં, ગ્રામીણ સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં V.C.E દ્વારા 'આધાર' આધારિત બાયો-મેટ્રિક પ્રમાણીકરણ તેમજ 'PDS ' મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને 'આધાર' આધારિત 'ફેસ ઓથેન્ટિકેશન' દ્વારા આમ, ત્રણ રીતે e-KYC કરાવી શકે છે.

ખાસ ઉલ્લેખનીય છે કે, રેશનકાર્ડ ધારકે e-KYC કરાવવા રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર તેમજ આધાર નંબરની માત્ર વિગતો આપવાથી જ e-KYCની પ્રક્રિયા પૂર્ણ થઈ જાય છે.

જ્યારે, વિવિધ વ્યક્તિગત પુરાવાની નકલો-ઝેરોક્ષ કોપી કે બેંક એકાઉન્ટની વિગતો આપવાની જરૂર નથી. ઉપરાંત રેશનકાર્ડ લાભાર્થી પોતે ઘરેબેઠાં e-KYC કરી શકે અથવા સરકાર હસ્તક કાર્યરત ઈ-ગ્રામ કેન્દ્ર, મામલતદાર અને ઝોનલ કચેરીથી જ પ્રક્રિયા કરાવવાની રહેશે. આ સિવાય પોતાની કોઈપણ ખાનગી માહિતી અન્ય વ્યક્તિને આપવી નહિ તેની ખાસ તકેદારી રાખવા, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# શિક્ષકોની ભરતી અંગે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર, તા.૭ : ગુજરાતની શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિ-ગાંધીનગરના જણાવ્યા અનુસાર બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટેની જાહેરાત આગામી તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક માટેની જાહેરાત આગામી તા. ૧૦ ઓક્ટોબર,૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આચાર્ય, જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# શહેરી જમીનના રેકોર્ડનું ડિજિટાઇઝેશન ટૂંક સમયમાં શરૂ થશે પ્રથમ તબક્કામાં ૧૦૦થી વધુ શહેરોને આવરી લેવામાં આવશે

## બે લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોને આ પ્રોજેક્ટ હેઠળ સામેલ કરવામાં આવશે, જમીનના રેકોર્ડના ડેટા અપલોડ કરવા માટે કેન્દ્રીય પોર્ટલ બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૭

દેશમાં ૫૦,૦૦૦થી બે લાખની વચ્ચેની વસ્તી ધરાવતા ૧૦૦થી વધુ શહેરોને નરેન્દ્ર મોદી સરકારની શહેરી જમીનના રેકોર્ડને ડિજિટાઈઝ કરવાની પહેલના પ્રથમ તબક્કા હેઠળ આવરી લેવામાં લેવામાં આવશે. કેન્દ્રએ પ્રથમ તબક્કા માટે રૂા.૫૦૦૦ કરોડની ફાળવણી કરી છે અને તે આવતા વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળના જમીન સંસાધન વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ વિભાગ શહેરી વિસ્તારોમાં યોજનાના અમલીકરણનો અમલ કરશે. કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ના ભાષણમાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે શહેરી જમીનના રેકોર્ડ માટે ડિજિટાઈઝેશન યોજનાની જાહેરાત કરી હતી. ગ્રામીણ વિસ્તારોમાં જમીનના રેકોર્ડના ડિજિટાઈઝેશન માટે કેન્દ્ર સરકારની બે મહત્ત્વપૂર્ણ યોજનાઓની સફળતાને કારણે કેન્દ્રએ શહેરી વિસ્તારો માટે આ યોજનાની જાહેરાત કરવાનું નક્કી કર્યું હતું. આ ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ જે ૨૦૦૮માં શરૂ કરાયેલ હતો અને ગામડાઓમાં ઈમ્પ્રુવાઈઝ્ડ ટેક્નોલોજી સ્કીમ જે ૨૦૨૦માં શરૂ કરાયેલ હતું તે ગામોનો સર્વે અને મેપિંગ છે, જે જમીનના રેકોર્ડને આધુનિક અને ડિજિટાઈઝ કરવા માટે છે. તે કાનૂની માલિકી કાર્ડ પ્રદાન કરવા માટે ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગામડાઓ અને ગ્રામીણ વસતી વિસ્તારોને મેપિંગ કરે છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, અમે યોજનાના રોલઆઉટ માટે આ સપ્તાહના અંત સુધીમાં મંજૂરીના આદેશો જારી કરીશું. તમામ રાજ્યોમાં જમીનના રેકોર્ડના ડિજિટાઈઝેશન માટે ડેટા એકત્રીકરણ અને પ્રક્રિયામાં એકરૂપતા સુનિશ્ચિત કરવા માટે અમે ટૂંક સમયમાં વિગતવાર સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જારી કરીશું. રાજ્યોએ તેઓ કયા શહેરોમાં કવાયત્ હાથ ધરવાની યોજના ધરાવે છે અને ડ્રોન મેનેજમેન્ટ અને ગ્રાઉન્ડટ્રુથિંગ માટે રેવન્યુ અધિકારીઓ અને ખાનગી ખેલાડીઓની બનેલી ટીમને એકસાથે બનાવવી પડશે. એકવાર અમે મંજૂરીના આદેશો જારી કરીએ પછી રાજ્યો ડ્રોન ઉડાન અને અન્ય પ્રવૃત્તિઓ માટે કંપનીઓની બિડ મંગાવી શકે છે. અમે બે લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરો તેમાં લેવાનું આયોજન કરી રહ્યા છીએ, કારણ કે, અમે આખી કવાયત્ એક વર્ષની અંદર પૂર્ણ કરવા માંગીએ છીએ. આનાથી અમને શહેરી વિસ્તારોમાં જમીનના રેકોર્ડને સુવ્યવસ્થિત કરવામાં સંભવિત પડકારોને ઓળખવામાં મદદ મળશે. આ યોજનાના ઝડપી અમલીકરણ માટે, જમીન સંસાધન વિભાગ રાજ્યો માટે જમીન રેકોર્ડની વિગતો પ્રમાણિત ફોર્મેટમાં અપલોડ કરવા માટે એક પોર્ટલ વિકસાવવાનું આયોજન કરી રહ્યું છે. રાજ્યોમાં સૌથી મોટો પડકાર સ્ટાફની તીવ્ર અછત છે. આ યોજના માટે તેઓએ વધારાના માનવબળની ભરતી કરવી પડશે. અમે આ યોજના માટે પોર્ટલ વિકસાવવાના કાર્યનો બોજ રાજ્યો ઉપર નાખવા માંગતા નથી. એકરૂપતા સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્ર પોર્ટલ વિકસાવશે, જેનો ઉપયોગ રાજ્યો નકશા અને ડેટા અપલોડ કરવા માટે કરી શકે છે. રાજ્યોએ આ યોજના હેઠળ આવરી લેવાના શહેરો માટેની દરખાસ્તો સબમિટ કરવાની રહેશે. શરૂઆતમાં અમે લગભગ ૧૦૦ શહેરો લેવાનું વિચારીએ છીએ. આ



યોજના એવા રાજ્યોમાં વધુ શહેરોને મંજૂરી આપવાની છે જેમની પાસે સમયસર આવા સર્વેક્ષણ કરવા માટે પર્યાપ્ત માનવબળ છે. રાજ્ય દીઠ શહેરોની સંખ્યા અંગે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, સૌથી મોટો પડકાર એ છે કે, મોટાભાગના રાજ્યોમાં શહેરી વિસ્તારો, ખાસ કરીને પેરી-શહેરી વિસ્તારોના રેવન્યુ રેકોર્ડ્સ યોગ્ય રીતે જાળવવામાં આવતા નથી અને શહેરોમાં ઘણો બિનઆયોજિત વિકાસ થયો છે. જો કે, યોજના હેઠળ, રાજ્યો ફક્ત શહેરી વિસ્તારોમાં જમીનના પાર્સલનો નકશો બનાવશે અને તેમની વિકાસ વિગતો રેકોર્ડ કરશે. જમીનના રેકોર્ડને ડિજિટાઇઝ કરવા માટે કેન્દ્ર સરકારના પ્રોત્સાહનનો લાભ લેવા માટે, રાજ્યોએ મિલકતની માલિકીની વિગતો સાથે દરેક જમીન પાર્સલની સીમાઓનું સીમાંકન કરવા માટે રોવરનો ઉપયોગ કરીને હવાઈ અને ક્ષેત્રીય સર્વેક્ષણ અને ગ્રાઉન્ડ ટ્રુથિંગ પૂર્ણ કરવું પડશે. તમામ વિવાદો અને દાવાઓના નિરાકરણ પછી નકશા અને જમીનના રેકોર્ડનું અંતિમ રજિસ્ટર તૈયાર કરવામાં આવશે. એકવાર સર્વેક્ષણ થઈ જાય પછી એક ટીમ જમીનની માલિકી ચકાસવા માટે દરેક જમીનની વ્યક્તિગત રીતે મુલાકાત લેશે. સીમાઓને માન્ય કરવા માટે રોવર (ડેટા એકત્ર કરવાની અને ટ્રાન્સમિટ કરવાની ક્ષમતા સાથે જીપીએસ રિસીવર)નો ઉપયોગ કરવામાં આવશે. ડ્રોનના ઉપયોગથી અમે નકશાને વધુ સચોટતા અને સારા રિઝોલ્યુશન સાથે તૈયાર કરવા માટે જમીનની હવાઈ છબીઓ મેળવી શકીએ છીએ.

# રાજ્યના ધોરણ-૩થી ૧૦ના શિક્ષકો માટે ૫૦ કલાકની તાલીમનું આયોજન કરવામાં આવશે

## સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોના શિક્ષકોને ઓનલાઈન-ફેસ ટુ ફેસ મોડમાં તાલીમ અપાશે

અમદાવાદ, તા.૭

રાજ્યના ધોરણ-૩થી ૧૦ના શિક્ષકો માટે ઓનલાઈન અને ફેસ ટુ ફેસ મોડમાં તાલીમનું આયોજન કરવામાં આવશે. શિક્ષકોની ૫૦ કલાકની તાલીમ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો માટે ફરજિયાત કરવામાં આવી છે. આ તાલીમ માટે નક્કી કરવામાં આવેલા કાર્યક્રમનું ચુસ્તપણે અમલ કરવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નિતી-૨૦૨૦માં પ્રકરણ-૫માં સતત વ્યાવસાયિક વિકાસમાં શિક્ષકોને તાલીમ અંગે જણાવાયું છે. જેના પગલે રાજયના ધોરણ-૩થી ૧૦ના તમામ શિક્ષકો માટે ઓનલાઈન અને ફેસ ટુ ફેસ એમ બંને મોડમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ઓનલાઈન તાલીમ શિક્ષક સજજતા મોડ્યૂલ-૧માં ૧૦ કોર્સ અને મોડ્યૂલ-૨માં ૮ કોર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, બંને મોડયુલ્સમાં કુલ ૧૮ કોર્સની તાલીમ આપવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબના ભાવિ સમાજની રચના માટેનો અભ્યાસક્રમ કેવો હોય તેનો દિશા નિર્દેશ કરતાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યના શાળા શિક્ષણનું એટલે કે ધોરણ-૩થી ૧૨ માટેનું અભ્યાસક્રમ માળખું પણ ચાલુ વર્ષે તૈયાર થઈ રહ્યું છે. આગામી સમયમાં પાઠ્યપુસ્તકો, વર્ગખંડ પ્રક્રિયાઓ અને મૂલ્યાંકનમાં કેવા ફેરફાર થશે એનું માર્ગદર્શન દસ્તાવેજ દ્વારા મળશે. આ ઉપરાંત વિવિધ સર્વેના પરિણામોના આધારે પ્રાપ્ત થયેલા કઠિન અધ્યયન નિષ્પત્તિ, ગુજરાત આઉટકમ્સ ફોર એક્સેલેટરેટેડ લર્નિંગ પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરવામાં આવેલા ટીચર નીડ એનાલિસીસ અંતર્ગત પ્રાપ્ત થયેલા શૈક્ષણિક મુદ્દાઓ, રાજય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી જ્ઞાનસાધના, કોમન એન્ટ્રન્સ ટેસ્ટ, MMNS, પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા, માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં પૂછાયેલા કસોટીપત્રોને આધારે કઠિન અધ્યયન નિષ્પત્તિમાં સમગ્ર રાજયના બાળકોનું શૈક્ષણિક પરિણામ સુધરે અને શિક્ષકો બાળકોને વિચાર પ્રેરક પ્રશ્નો માટે તૈયાર કરે તે હેતુસર શિક્ષક તાલીમ આવશ્યક છે. તેમજ આગામી NAS કસોટીમાં પૂછાતાં પ્રશ્નોનો મહાવરો શિક્ષકોને વિદ્યાર્થીઓને કરાવે તે માટે શિક્ષકોને તાલીમબધ્ધ કરવા જરૂરી છે. આમ, ઓનલાઈન અને ફેસ ટુ ફેસ મોડથી આપવામાં આવનાર તાલીમ શિક્ષકો માટેની ૫૦ કલાકની વ્યવસાયિક સજજતા તાલીમ સાથે સાંકળી લેવામાં આવી છે. આ તાલીમ તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોએ લેવી ફરજિયાત છે. વ્યવસાયિક સજજતા તાલીમ માટે જીસીઈઆરટી દ્વારા ધોરણ-૩થી ૧૦ના તમામ શિક્ષકો માટેની શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન મુજબ તાલુકા મથકે શિક્ષક તાલીમનું આયોજન દરેક જિલ્લાએ ચુસ્ત રીતે કરવા આદેશ અપાયો છે.

## મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તા.૧૭ સપ્ટેમ્બર સુધીનો આપ્યો સમય

# રાજ્યમાં જૂની પેન્શન યોજનાને લઈ શિક્ષકો આક્રમક : આપ્યું અલ્ટીમેટમ

ગાંધીનગર, તા.૭

ગુજરાતના શિક્ષકો છેલ્લા ઘણાં સમયથી જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે સરકારને અનેક રજૂઆત કરી ચૂક્યા છે. સરકાર સાથે બેઠકમાં કેટલીક માંગણીઓ પૂરી કરવા માટે સરકારે બાંહેધરી આપી હતી. પરંતુ તે અંગે હજુ સુધી સરકાર દ્વારા કોઈ પરિપત્ર કરવામાં આવ્યો નથી. ત્યારે ફરી એકવાર શિક્ષક સંઘ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને ૧૭ સપ્ટેમ્બર સુધીનો સમય સરકારને આપ્યો છે અને જો માંગણી નહીં સ્વીકારાય તો આંદોલનની ચીમકી પણ આપી છે. ગુજરાતમાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના ૫ હજાર જેટલા શિક્ષકોએ જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ સાથે ગાંધીનગર ખાતે દેખાવ કર્યા હતા. તારીખ ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં ભરતી થયેલા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અન્ય કેડરના શિક્ષણ વિભાગના કર્મચારીઓએ આગાઉ સરકાર સાથે બેઠક કરી હતી. જેમાં શિક્ષકોને પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે તેમ કહેવામાં આવ્યું હતું. પરંતુ હજુ સુધી સરકારે ઠરાવ જાહેર કર્યો નથી. જેને લઈને રાજયના શિક્ષણ વિભાગના કર્મચારીઓએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. રાજ્યમાં હાલ ૧/૦૪/૨૦૦૫ પહેલાના આશરે ૬૫,૦૦૦ જેટલાં કર્મચારીઓ છે. જેમને સરકાર દ્વારા હજી ઠરાવ કરીને તેમનો પેન્શનનો હક આપવામાં આવ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂની પેન્શન યોજના અંતર્ગત નિવૃત કર્મચારીઓને પેન્શનનો અધિકાર હતો. જેમાં નિવૃતિ સમયે નોકરીના પગારના ૫૦ ટકા રકમ પેન્શન તરીકે મળવાપાત્ર રહેતી. આમાં કર્મચારી જેટલા બેજિક પે સ્કેલ ઉપર નોકરી પૂરી કરે છે તેટલું તેના નિવૃતિ સમયે તેના અડધો ભાગ પેન્શન સ્વરૂપે આપવામાં આવે છે. જૂની પેન્શન યોજનામાં નિવૃત્તિ પછી કર્મચારીને કાર્યકારી કર્મચારીની જેમ મોંઘવારી ભથ્થું અને અન્ય ભથ્થાઓનો લાભ મળતો રહે છે, એટલે કે જો સરકાર કોઈપણ ભથ્થામાં વધારો કરે છે, તો તે મુજબ પેન્શનમાં વધારો થશે.

## શિસ્તબદ્ધ પાર્ટીનો દાવો કરતા ભાજપની આબરૂનું સતત ધોવાણ જારી !

# પ્રજાનો રોષ ભાજપ માટે બની રહ્યો છે નવો પડકાર : કયાંક ફડાકા તો કયાંક ટપલી દાવ

## કલોલ પાલિકામાં મારામારી : કોર્પોરેટરના પતિને લાફાવાળી, ચેરમેનનો લેવાયો દાવ

ગાંધીનગર, તા.૭

રાજયમાં તાજેતરની વરસાદની તારાજીની સ્થિતિને લઈ લોકો ત્રસ્ત બનતા શાસક ભાજપ સામે બળાપો કાઢી રહ્યા છે અને તેને લઈને કેટલીય જગ્યાએ સંઘર્ષના તથા ભાજપના નેતાઓને ખખડાવી રસ્તો દેખાડી દેવાના બનાવો પણ બની રહ્યા છે. ત્યારે કલોલમાં આવો વધુ એક બનાવ બન્યો છે. વડોદરા, અમદાવાદ અને રાજકોટમાં પૂરને લઈ શાસકોને રોકડું પરખાવી દેવામાં આવી રહ્યું છે. આ વચ્ચે તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકામાં મારામારીનાં દશ્યો સામે આવ્યાં છે. કલોલ નગરપાલિકામાં વિકાસનાં કામોના રિટેન્ડરિંગને લઈ ચાલી રહેલી મિટિંગમાં મામલો ઉગ્ર બન્યો હતો. એ બાદ ઉશ્કેરાયેલા લોકોએ એકાએક કોર્પોરેટર ઉષાબેન રાવળના પતિ એવા દિનેશ રાવળને લાફાવાળી શરૂ કરી દીધી હતી. આ સાથે ટેબલ ઉપર ચડી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશવર્ગડેનો ટપલીદાવ પણ કર્યો હતો. ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકામાં મારામારીનાં દશ્યો સામે આવતાં ચકચાર મચી જવા સાથે રાજકારણ ગરમાયું છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર, કલોલ પાલિકામાં વિકાસનાં કામોના રિટેન્ડરિંગને લઈ વિવાદ સર્જાયો હતો. સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરેલાં કામોનું ફરીથી રિટેન્ડરિંગ કરતાં બબાલ થઈ હતી. આ વિવાદ એટલો ઉગ્ર બની ગયો કે વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. રિટેન્ડરિંગની માંગણી કરનાર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વર્ગડેનો ઊધડો લીધો હતો અને પ્રશ્નો કર્યા હતા કે તમે રિટેન્ડરિંગ કેમ માગ્યું, તમે વિકાસનાં કામમાં કેમ રોડા નાખો છો, એમ કહીને ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ અંગેનો વીડિયો પૂરજોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળ્યું હતું કે હાજર લોકોએ મારામારી કરી હતી અને ખુરસી પણ માથે ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. અહીં હાજર લોકોનું કહેવુછે કે પ્રજા અનેક સમસ્યાઓથી પીડાઈ રહી છે. ત્યારે આ કામોની ફરીથી ટેન્ડરિંગ પ્રક્રિયા કરાતાં વિવાદ વધુ ઉગ્ર બન્યો હતો. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વર્ગડે સહિતના હોદ્દેદારો સાથે ઉગ્ર બોલાચાલી બાદ લોકોએ ટપલીદાવ શરૂ કરી દીધો હતો, જ્યારે કોર્પોરેટરના પતિને ફડાકાવાળી કરી હતી. ઉશ્કેરાયેલું ટોળું ત્યાર બાદ ચીફ ઓફિસરની ઓફિસમાં ગયું હતું અને ધારદાર રજૂઆત કરવામાં આવી હતી, જ્યાં હાજર કોર્પોરેટરોએ જવાબ આપવાનો પ્રયત્ન કર્યો હતો, પણ ટોળું માનતું નહોતું. એ બાદ પોલીસ આવી જતાં મામલો થાળે પડ્યો હતો. નગરપાલિકામાં ટોળાએ માટલાં ફોડી વિરોધ પણ વ્યક્ત કર્યો હતો અને સૂત્રોચ્ચાર કરી સમગ્ર પાલિકા વિસ્તાર ગજવી મૂક્યો હતો. સત્તાધીશોના આ પ્રકારના તાયફાને લઈ રાજકીય માહોલમાં ગરમી આવી જવા પામી છે.

# ગુજરાતમાં તમાકુ-ગુટખા ઉપરનો પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવાયો

ગાંધીનગર, તા.૭

રાજ્યભરમાં સરકાર દ્વારા તમાકુ તથા તેના પાન- મસાલા-ગુટખા વગેરેના વેચાણ-વિતરણ ઉપર પ્રતિબંધ ફરમાવેલ હોવા છતાં ઠેર-ઠેર તેનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. એટલે કે પ્રતિબંધ કાગળ ઉપર હોય તેમ છૂટથી તમાકું તથા તેની બનાવટની વસ્તુઓ બિન્ધાસ્ત વેચાઈ રહી છે. એટલું જ નહીં શાળા-કોલેજ આસપાસના નજીકના વિસ્તારમાં તો કડક પ્રતિબંધ હોવા છતાં ઘણી જગ્યાએ તેનું વેચાણ થતું જોવા મળે છે. ત્યારે આ વચ્ચે સરકાર તરફથી લાગુ કરાયેલ આ પ્રતિબંધ ફરી એકવાર લંબાવવામાં આવેલ છે. એટલે હવે સરકાર આ પ્રતિબંધનો કડક અમલ કરાવે તેવી લાગણી ઉભી થવા પામી રહી છે. રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર હાલ પ્રતિબંધ છે. રાજ્યના નાગરિકોનું સ્વાસ્થ્યને લઈ સરકાર દ્વારા આ પ્રતિબંધ આગામી તા. ૧૩ સપ્ટેમ્બર૨૦૨૪થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી એમ વધુ એક વર્ષ લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણય અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયા અનુસાર ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જેમાં કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ, આ નિર્ણય કરાયો છે. આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈપણ વેપારી ગુટકા કે પાનમસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ અને વિતરણ કરતા પકડાશે તો, તેને કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર- ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# મોરબી બ્રિજ દુર્ઘટનામાં તપાસ યોગ્ય નહીં હોવાથી સીબીઆઈને તપાસ આપવા હાઈકોર્ટમાં કરાઈ માંગણી

અમદાવાદ, તા.૭

મોરબી બ્રિજ દુર્ઘટનામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાલી રહેલી સૂઓમોટો જાહેર હિતની અરજીની સુનાવણી દરમ્યાન મોરબીના પીડિતો તરફથી આ કેસની તપાસ સીબીઆઈને સોંપવા માટે માંગણી કરવામાં આવી હતી. પીડિતો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે હાલની તપાસમાં કેટલાક છીંડા રાખવામાં આવેલા છે અને નગરપાલિકાના અધિકારીઓ સહિતના જવાબદારો સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી અને આરોપી બનાવવામાં આવ્યા નથી. ગુનાની કેટલીક હકીકતો બહાર લાવવામાં મોરબીની પોલીસ નિષ્ફળ ગઈ હોવાથી આ કેસની તપાસ સીબીઆઈ મારફતે થવી જોઈએ. જોકે કોર્ટ દ્વારા વકીલને જણાવવામાં આવ્યું હતું કે જો આ માંગણી બાબતે વિચાર કરવામાં આવશે અથવા તો ગ્રાહ્ય રાખવામાં આવશે તો કેસની જે ટ્રાયલ છે જે હાલ શરૂ થઈ ગઈ છે તેમાં વિલંબ થશે અને અંતે પીડિતોને જ તેની અસર ભોગવવી પડશે તેના કરતાં કેસની ટ્રાયલ દરમ્યાન જો કેસમાં કોઈપણ જાતની નબળી કડી જણાય તો પીડિતો તરફથી તે બાબતે કોર્ટમાં રજૂઆત કરી શકાય છે અને તે બાબતે હકદાર છે. અદાલતે એમ પણ જણાવ્યું છે કે ખાસ તપાસ દળ દ્વારા રિપોર્ટ રજૂ કરી દેવામાં આવ્યો છે અને આ બાબતે કોની કોની જવાબદારી છે તે પણ તેની અંદર લખવામાં આવેલું છે. પીડિતોને વધુ સુનાવણી દરમ્યાન આ મુદ્દાઓ ઉપર સાંભળવામાં આવશે. બીજી બાજુ ગુજરાત હાઈકોર્ટ દ્વારા નિમવામાં આવેલા કોર્ટ કમિશ્નર દ્વારા મોરબીના પીડિતોની મુલાકાત લેવામાં આવી હતી અને આ બાબતે બે ભાગમાં અહેવાલ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ કરી દેવામાં આવ્યાં હતા. આ ઉપરાંત પીડિતો દ્વારા કરાયેલી રજૂઆતો અને કયા કયા પીડિતો તો કોર્ટ કમિશનરને મળ્યા હતા તેના બે સીલબંધ કવર પણ કોર્ટને સોંપવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા આ તમામ દસ્તાવેજો રેકોર્ડ ઉપર લેવામાં આવ્યા હતા. અહેવાલ બાબતે હાઈકોર્ટ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે અલગ-અલગ કેટેગરીમાં પીડિતોને બાર હજાર જેટલી સહાય આપવામાં આવે છે. કેટલીક વિધવા બહેનોએ એકમાત્ર કમાનાર વ્યક્તિ ગુમાવ્યા છે. કેટલી બહેનો વિધવા હતી અને તેઓએ એકમાત્ર કમાનાર યુવાન દીકરો કે દીકરી ગુમાવ્યા છે અને ઘણા સગીર બાળકો આધાર વિહીન



થયા છે. કેટલાક એવા પણ પીડિતો છે કે જેઓને ઈજાના કારણે તેમની સારી એવી પગારની નોકરી ગુમાવી પડી છે. એક કિસ્સામાં એક ભાઈને નોકરીમાંથી પાણીચું આપવામાં આવ્યું હોવાનું પણ ધ્યાનમાં આવ્યું હતું. વધુમાં અન્ય એક વ્યક્તિને કરોડરજ્જુની ગંભીર ઈજા થઈ છે. તેઓને યોગ્ય સપોર્ટ મળ્યો નથી. ગુજરાત હાઈકોર્ટનાં આદેશ મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આપવામાં આવેલી સહાય બાબતે પણ અમુક પીડિતોને માહિતી નથી. કેટલાક વાલીઓને તે પણ ખબર નથી કે કોર્ટ દ્વારા બાળકોના કોલેજ અને વ્યવસાયિક શિક્ષણ બાબતે પણ ખર્ચની જોગવાઈ કરાઈ છે. એથી તેઓને યોગ્ય સહકારની જરૂર છે. ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલું રૂા.૧૫ લાખનું ભંડોળ પણ સામાન્ય રકમ છે. પીડિતો અને તેમના પરિવારમાં કંપની કે ટ્રસ્ટ દ્વારા મળનારી સહાય બાબતે અવિશ્વાસનું વાતાવરણ છે. આથી આ બાબતે કોઈ લેખિતમાં દસ્તાવેજ કરવો જરૂરી છે. આ દુર્ઘટનામાં અસર પામનાર ૨૧ બાળકો છે અને તેમાં આઠ યુવાન કિશોરીઓ છે. તેઓને શિક્ષણ આપવામાં આવે છે. આ આઠ કિશોરીઓનો લગ્નનો ખર્ચ પણ ઓરેવા કંપનીએ ભોગવવો પડે અને તે બાબતે ટ્રસ્ટ કે જેનું નામ પરિવાર સહાય સેવા ટ્રસ્ટ છે તેઓએ લાભની યાદીમાં આ બાબત ઉમેરવી જોઈએ. દરમ્યાન કોર્ટ દ્વારા આ કેસની સુનાવણી આગામી દિવસોમાં રાખવામાં આવી છે.

# સ્વાતંત્ર્ય સંગ્રામની ગણેશ ચેતના ઝીલવામાં રાજકોટ પણ અગ્રેસર રહયું હતું

## આજથી નવ દશકા પહેલા રાજકોટમાં ગણેશોત્સવ ઉજવવાનો પ્રથમ વખત પ્રારંભ થયો હતો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૭

આઝાદીની ચળવળ વખતે સમાજમાં જુદા જુદા વર્ગોમાં વ વહેંચાયેલા લોકોને એક કરવા શરૂ કરાયેલ સાર્વજનીક ગણેશોત્સવની ૧૮૯૩ થી પ્રગટેલી એ ચેતના ૧૯૩૦ માં રાજકોટને આંગણે પણ આવી પહોંચી હતી.

તે જમાનામાં રાજકોટમાં દશથી વીસ જેટલા મહારાષ્ટ્રીયન કુટુંબો રહેતા હતા અને તેઓએ પંચનાથ મંદિરમાના એક રૂમમાં ગણેશોત્સવ ઉજવવાનો પ્રારંભ કર્યો હતો અને ૧૯૫૫માં સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટી થતા મહારાષ્ટ્ર મંડળનો બધોય સામાન તેમાં પલળી ગયો હતો. પછી તેઓએ મોટી ટાંકી પાસે આવેલ વિશાળ જગ્યા કે જે ચિત્રે પરિવાર હસ્તક હતી ત્યાં સાર્વજનીક ગણેશોત્સવ ચાલુ રાખ્યો અને ૧૯૮૮માં ચિત્રેવાડની તે જગ્યાએ પણ એક ટાવરનું નિર્માણ થતાં અન્યત્ર ત્રણ વર્ષ માટે ગાયકવાડી ખાતે મહારાષ્ટ્ર મંડળે ગણેશોત્સવ મનાવ્યો હતો અને ૧૯૯૧ માં ટાવરનું બાંધકામ પુર્ણ થતાં ફરી પાછો તે સ્થળે ગણેશોત્સવ મનાવાયો હતો.

૧૯૩૦ માં પરશુરામ ગોપાલરાવ મસુરકરે તથા ઘનશ્યામરાવ નારાયણદાસ પંડિત અને અન્યોએ મળી 'મહારાષ્ટ્ર મંડળ'ની સ્થાપના કરી હતી. તે સમયે ગણપતિ વિસર્જન વખતે જયાં-જયાં ઉત્સવ ઉજવાયો હોય ત્યાંથી ભાવિકો મૂર્તિ સાથે ત્રીકોણબાગ પાસે એકઠા થઈ અને ત્યાંથી વિસર્જનની શોભાયાત્રા શરૂ થતી અને રામનાથ ઘાટ પાસે વિસર્જન થતું હતું. પણ કેટલીકવાર પાણી ન હોવાથી સાત કિલોમીટર દુર ખોખડદડી નદીમાં પણ વિસર્જન કરાતું હતું. તે સમયમાં રાજકોટના પોલીસ હેડકવાર્ટરમાં ગણેશોત્સવ ઉજવાતો હતો અને જેનું સંચાલન તત્કાલીન પોલીસ કમિશ્નર કરતા હતા.

### પીજીવીસીએલ દ્વારા સુચનો જારી કરાયા

# શ્રી ગણેશ ચતુર્થી આવકાર તથા વિસર્જનના તહેવાર દરમ્યાન રાખવાની તકેદારી

જૂનાગઢ તા. ૭

પીજીવીસીએલ વર્તુળ કચેરી જૂનાગઢ દ્વારા ગણેશ ઉત્સવ દરમ્યાન વિવિધ મંડળોને તકેદારી રાખવા માટે નીચે મુજબના સુચનો જારી કરવામાં આવેલ છે.

● જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળની વિવિધ હળવા તથા ભારે દબાણની વીજલાઈનો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થાય છે.

● શ્રીગણેશ મૂર્તિના આગમન/વિસર્જન દરમ્યાન વીજ લાઈનની નીચેથી ખુબ જ વધુ ઉચાઈવાળી મૂર્તિ લઈ જવી નહિ.

● વીજ લાઈનની નીચેથીપસાર થતી વખતે કોઈ પણ વસ્તુથી વીજ લાઈનને ઉચી કરવાનો પ્રયત્ન કરવો નહી.

● શ્રીગણેશ મૂર્તિના આગમન પહેલા, આયોજકો/મંડળોએ રસ્તાઓનો સર્વે કરી જરૂર જણાય તો સંબધિત પીજીવીસીએલની પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરી, રસ્તામાં આવતી વીજ લાઈનની ઉચાઈની ખરાઈ કરીને તેને અનુરૂપ ગણેશજીની મૂર્તિ લઈ જવી.

● હળવા કે ભારે દબાણની વીજલાઈનના ઈંડકશન ઝોનમાં આવવાથી કે વીજલાઈનને અડકવાથી પ્રાણઘાતક/બિન-પ્રાણઘાતક અકસ્માત થવાની સંભાવના રહેલ છે. આથી શ્રીગણેશજીની મૂર્તિ, વીજ લાઈનથી સલામત અંતરે રાખી જે તે લાઈન નીચેથી પસાર કરવી અનિવાર્ય છે.

● શ્રીગણેશ મૂર્તિના પંડાલ/મંડપ ઈલેક્ટ્રિકલ નેટવર્ક (૧૧કેવી વીજ લાઈન, વીજ ટ્રાન્સફોર્મર વિગેરે) થી સલામત અંતરે રાખવા જરૂરી છે અન્યથા વીજ અકસ્માતની સંભાવના રહે છે.

● ભારે/મોટા વાહનો જેવાકે બસ, ટ્રક, હાઈડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈ વાળા ભારે વાહનોને વીજ લાઈનની નીચે/નજીક ઉભા રાખવા નહિ.

● જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો -આવો આપણે સૌ આ તહેવારને સલામતી પૂર્વક આનંદથી ઉજવીએ..

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગણેશ ઉત્સવ નિમિતે પ્રતિબંધાત્મક હુકમો સાથેનું જાહેરનામુ પ્રસિધ્ધ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દર વર્ષે ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવે છે. સ્થાપના બાદ ધાર્મિક રીતિ-રિવાજ મુજબ પ્રસંગ પૂર્ણ થયા બાદ ગણેશજીની પ્રતિમાઓનું જિલ્લાની જુદી જુદી નદીઓ અને તળાવોના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. જેના અનુસંધાને અહીંના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ગણેશ મહોત્સવની શાંતિપૂર્ણ માહોલમાં અને પર્યાવરણને કોઈપણ પ્રકારનું નુકશાન ન પહોંચે તે રીતની ઉજવણી થાય તેવા હેતુસર જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે.

ભગવાન ગણેશની પ્લાસ્ટર ઓફ પેરિસ (પી.ઓ.પી) તથા ફાયબરની મૂર્તિ બનાવવી નહિ, વેચવી નહિ, સ્થાપના કરવી નહિ કે જાહેર માર્ગ પર પરિવહન કરવું નહિ. પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા જળસ્ત્રોત જેવા કે ડેમ, તળાવ, નદી, કૂવામાં મૂર્તિઓનું વિસર્જન કરવું નહી. મૂર્તિ વિસર્જન માટે સરકારના વન અને પર્યાવરણ વિભાગ, કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તથા સરકારની સૂચનાઓ અને હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી પદ્ધતિ સિવાયની કોઈપણ પદ્ધતિથી મૂર્તિ વિસર્જન કરી શકાશે નહીં. ગણેશજીની મૂર્તિ વિસર્જન યાત્રા દરમિયાન જાહેર જગ્યાએ આવતા - જતા રાહદારીઓ કે વાહનોમાં આવતા - જતા માણસો ઉપર કે મકાનો કે મિલકત ઉપર કોઈપણ પ્રકારના રંગો કે પાઉડરને પાણી કે અન્ય તૈલી પદાર્થોમાં મિશ્રિત કરી ઉડાડવા કે છાંટવા નહી. પ્રતિમાઓની બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણી દુઃભાય તેવા ચિન્હો કે નિશાનીઓ રાખવી નહિ. મૂર્તિકારોએ વધેલી તથા ખંડિત મૂર્તિઓ બિનવારસી હાલતમાં છોડી દેવી નહી. મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિનઝેરી કુદરતી રંગોનો જ ઉપયોગ કરવો. મૂર્તિકારો જે જગ્યા પર મૂર્તિઓ બનાવે છે તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહિ. જિલ્લા બહારથી મૂર્તિઓ લાવીને અહીં વેચનાર મૂર્તિકાર અને વેપારીઓને પણ ઉકત સૂચનાઓ લાગુ પડશે. આ જાહેરનામું તા. ૬ ઓક્ટોબર સુધી અમલમાં રહેશે.

# ચોકી (સોરઠ) મુકામે ગણાત્રા પરિવારના સુરાપુરા શ્રી મોનજી બાપાનો હવન

ચોકી તા. ૭

ચોકી (સોરઠ) અકાળા રોડ ઉપર શ્રી સમસ્ત ગણાત્રા પરિવારના મંદિરે સંવત ૨૦૮૦ ભાદરવા સુદ ૯, તા.૧૨-૯-૨૪ ને ગુરૂવારે હવનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સવારે ૮ વાગ્યે આચાર્ય હરેશભાઈ પેરાણી હવનની વિધી શરૂ કરશે. ત્યારબાદ ધ્વજા વિધી, ૧૧ વાગ્યે ફરાળ તથા બટુક ભોજન, ત્યારબાદ બપોરે ૨ વાગ્યે હવનનું બીડું હોમાશે. ત્યારબાદ દાતાઓનું સન્માનનો કાર્યક્રમ રાખેલ છે. આ પ્રસંગે સમગ્ર ગણાત્રા પરિવારના કુળદેવી શ્રી ભવાની માતાજી તેમજ કુળદેવતા માલબાપા ઈષ્ટદેવની અસીમ કૃપાથી સળંગ હવનનું આયોજન પરિવારની સુખ, શાંતિ, સમૃધ્ધી તેમજ ધાર્મિક ભાવના જાગૃત રહે તે હેતુથી યોજાય છે. કાર્યક્રમ બાદ ગણાત્રા પરિવારનો તેમજ બ્રહ્મ ભોજન યોજાશે. આ હવનમાં ચોકી સોરઠ મુકામે ગણાત્રા પરિવારોને ઉપસ્થિત રહેવા ટ્રસ્ટ તરફથી કિશોરભાઈ ગણાત્રાએ નિમંત્રણ પાઠવેલ છે.



ડોકટર અંકલ, હું વજનદાર સ્કુલ બેગ ઉપાડી શકું તેવી દવા આપો ને..!



મમ્મી, મને સ્કૂલ ડ્રેસના મેચીંગમાં સ્કૂલ બેગ અપાવીશ?

# કોડીનાર તાલુકાના વેળવા અને સુત્રાપાડા તાલુકાના સુંદરપુરા ટોલનાકા પર ઉઘરાણું ચાલુ કરવાનો તખ્તો તૈયાર

## ૬૩ કી.મી.માં ત્રણ ટોલા નાકાથી વાહન ચાલકો મૂંઝવણમાં, સરકારના કહેવા મુજબ બે ટોલનાકા હોવા જોઈએ

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા તા. ૭



કેન્દ્ર સરકારના વાહન વ્યવહાર મંત્રી નીતિનભાઈ ગડકરી દ્વારા લોકસભામાં આપેલા નિવેદન મુજબ બે ટોલનાકા વચ્ચેનું અંતર ૬૦ કી.મી.હોય છે. આમ છતાં કોઈ સ્થળે ઓછા અંતરે ટોલનાકુ હોય તો વાહન ચાલકોએ અહીં ટોલ આપવાનો થતો નથી. પણ ગીર સોમનાથ જિલ્લામાં ઊભા કરવામાં આવેલ ત્રણેય ટોલનાકાનું ફૂલ અંતર ૬૩ કી.મી.છે. એટલે કે એક ટોલનાકું જ વધારે ઉભું કરવામાં આવ્યું છે. વાહન ચાલકો મૂંઝવણમાં મુકાયા છે. સુંદરપુરા ખાતે ઉભુ કરાયેલું ટોલનાકું શા માટે છે?

કોડીનાર તાલુકાના ડોળાસા નજીકના વેળવા ટોલનાકા અને સુત્રાપાડા તાલુકાના સુંદરપુરા ટોલનાકાનું નિર્માણ પૂર્ણ થયું છે. હવે સરકારની પરવાનગી મળે એટલે વાહન ચાલકો પાસેથી નાણાં ખંખેરવાનું ચાલુ થઈ જશે. પણ આ વિભાગમાં મંત્રી નીતિનભાઈ ગડકરીના જણાવ્યા અનુસાર બે ટોલનાકા વચ્ચેનું અંતર ૬૦ કી.મી. જરૂરી છે. પણ ગીર સોમનાથ જિલ્લામાં ઉભા કરાયેલા ત્રણ ટોલનાકાઓનું કુલ અંતર ૬૩ કી.મી. છે. લોકો જાણવા માંગે છે કે એક વધારાના ટોલનાકાની મંજુરી આપી કોણે?

કોડીનાર તાલુકાના વેળવા અને સુત્રાપાડા તાલુકાના સુંદરપુરા ગામે ટોલ ઉઘરાવવાની તૈયારીઓ પૂર્ણ થઈ છે. માત્ર સરકારની પરવાનગીની જ રાહ જોવાઈ રહી છે. પણ વેળવા અને સુંદરપરા વચ્ચેનું અંતર માત્ર ૩૦ કી.મી. છે. સુદરપરાથી વેરાવળ તાલુકાના આદ્રી ટોલનાકાનું અંતર ૩૩ કી.મી. છે. આમ ૬૩ કી.મી.માં ત્રણ ટોલનાકા ઊભા કરવામાં આવ્યા છે. તે પૈકી આદ્રી ટોલનાકુ ચાલુ જ છે. જયારે વેળવા અને સુંદરપરા ટોલનાકું તૈયાર થઈ ગયું છે.

આ ઉપરાંત વેળવા ટોલનાકાની નજીકના ગામો વેળવા, માલગામ, પાંચ પીપળવા, અડવી, ડોળાસા વિગેરે ગામોને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવાની માંગ કરવામાં આવી છે. કારણ કે અનેક ખેડૂતો એવા છે કે તેઓનું રહેણાંક અને જમીન વચ્ચે વેળવા ટોલનાકું આવે છે. અનેક ખેડૂતો એવા છે કે જે કાર ધરાવે છે. અનેક ધંધાર્થીઓ અને નોકરિયાતો એવા છે જે ડોળાસા રહે છે. અને ફરજ કોડીનાર બજાવે છે. એજ રીતે કેટલાયે લોકો એવા છે જે કોડીનાર રહે છે અને ડોળાસા કે તેની આજુબાજુના ગામોમાં નોકરી કે વ્યવસાય કરે છે. જે પૈકીના અનેક લોકો કારનો ઉપયોગ કરે છે અને દિવસ દરમ્યાન એકથી વધુ વખત આ ટોલનાકેથી પસાર થવું પડે છે. જેઓ માત્ર પાંચથી પંદર કી.મી. આ રોડનો ઉપિયોગ કરે છે. જેઓને વેળવા ટોલ ટેક્ષમાંથી મુક્તિ આપવા માંગ કરી છે.

પાંચ પીપળવા ગામના સરપંચ નરસિંહભાઈ ડોડીયાએ વેળવા ટોલનાકાની આજુબાજુના ગામોના વાહન ચાલકો અને લોકોએ એક સેમિનાર દ્વારા ટોલટેક્સ બાબતે સાચી માહિતી અને માર્ગદર્શન આપવાની માંગ કરી છે.

# માંગરોળ એમ.એમ.ઈ.ડબલ્યુ. હાઈસ્કૂલના ચાર વિદ્યાર્થીઓ આઈટી ક્વિઝમાં ઝળકયાં





(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૭

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત બ્રહમાનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ તથા નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા "નેશનલ રૂરલ આઈ.ટી. કવીઝ ૨૦૨૪' નું જૂનાગઢ પ્રેમાનંદ સ્કૂલમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગુરૂવારે આઈ.ટી. ક્વિઝ યોજવામાં આવેલ હતી.

તેમાં જૂનાગઢ જિલ્લાની ૨૫થી વધુ શાળાના ૧૧૦થી વધુ વિદ્યાર્થીએ ભાગ લીધેલ હતો. તેમાં માંગરોળની એમ.એમ.ઈ.ડબલ્યુ. હાઈસ્કૂલના ૪ વિદ્યાર્થીઓએ શાળાના શિક્ષક રઝાક પટેલના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. તેમાંથી અસ્વતરજા યુનુસભાઈ અને શેખ ઝૈદ ઈસ્માઈલએ ટોપ ૧૫ વિદ્યાર્થીઓમાં નંબર મેળવ્યો છે. હવે પછીના દિવસોમાં આ ૧૫ વિદ્યાર્થીઓ આઈ.ટી. ક્વિઝમાં ભાગ લેવા ગાંધીનગર જશે અને ત્યાં રાજ્ય લેવલે જૂનાગઢ જિલ્લાનું નેતૃત્વ કરશે.

### રાજકોટ અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર એક્શનમાં

# વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ કરાયો

ગાંધીનગર, તા.૭

રાજકોટ ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે ગેમઝોનને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. રાજયના વિવિધ શહેરોમાં સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી એરિયા અને શોપીંગ મોલ તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષ જેવા કોમર્શિયલ બાંધકામોમાં પણ ગેમીંગ એક્ટિવિટી એરિયા વિકસિત થઈ રહ્યાં છે. મુખ્યમંત્રીએ આવા ગેમીંગ એક્ટિવિટી એરિયામાં એકત્રિત થતી વધુ પડતી ભીડના સંદર્ભમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિત ધ્યાનમાં લઈને ગેમીંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાના જનહિતલક્ષી નિર્ણય કર્યા છે.

ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે CGDCRમાં આ અંગેની જે જોગવાઈઓ કરી છે તેમાં ગેમીંગ એક્ટિવિટી એરિયાના બાંધકામ માટે રસ્તાની પહોળાઈ, મિનિમમ એરિયા, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયો તથા લેવાની થતી વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ થાય છે.

એટલું જ નહિ, સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં જાહેર સલામતીને ધ્યાને રાખીને અલગ અલગ એન્ટ્રી તથા એક્ઝિટ, ઈમરજન્સી એક્ઝિટ અને રેફયુજ એરીયાની જોગવાઈઓ પણ કરવામાં આવી છે. ગેમીંગ ઝોન એક્ટિવિટીના સ્થળે BU સર્ટિફિકેટ, ફાયર NOC તથા અન્ય તમામ લાયસન્સ, સર્ટિફિકેટ, NOC, પરમિટ વગેરે પ્રદર્શિત કરવાના રહેશે એવુ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આ નવા રેગ્યુલેશનમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, અગાઉ મેળવેલ વિકાસ પરવાનગી/ બી.યુ. પરવાનગીવાળા બાંધકામોમાં ઉપયોગ શરૂ કરતાં પહેલાં નવા રેગ્યુલેશન અનુસાર રિવાઈઝ્ડ પરવાનગી મેળવી લેવાની રહેશે. પરવાનગી વિના વપરાશ ચાલુ કર્યો હોય તો તેના માટે દંડ લેવાની જોગવાઈ પણ ઝય્ઢઝઈના નવા રેગ્યુલેશન્સમાં કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યા છે. રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિ હોનારત પછી ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈ કરવી ખૂબ મહત્વની હોઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બાબતના નિયમો બનાવવાનો નિર્ણય જાહેર હિતમાં કર્યો છે.

# દ્વારકાના બરડીયા નજીક આવેલ સુભદ્રા કુંડનો વિકાસ કયારે ?



### શ્રી કૃષ્ણના બહેન સુભદ્રાજી સ્નાનાર્થે આવતાં તે સુભદ્રા કુંડનો ટુરીસ્ટ પોઈન્ટ તરીકે વિકાસ થવો જરૂરી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૭

આજની દ્વારકા નગરી અને તેની આસપાસના ખ્યાતનામ ધાર્મિક પૌરાણિક સ્થળો મોટાભાગના દરેક દ્વારકાના દર્શનાર્થીઓએ નિહાળ્યા હશે. પરંતુ પ્રાચીન દ્વારકામાં આ ખ્યાતનામ સ્થળો ઉપરાંત પણ અનેક પૌરાણિક વારસાઓ આવેલાં છે જે પ્રચાર પ્રસારના અભાવે ઓછા જાણીતા પણ ખૂબ મહત્ત્વની ધરોહર સમાન છે. દ્વારકા નજીક આવેલ બરડીયા ગામ પાસેના ચંદ્રભાગા માતાજીના મંદિર પાસે આવેલ ઐતિહાસિક દેવી સુભદ્રા કુંડ આ પૈકીનો એક ગણાય છે. આ પ્રાચીન કુંડમાં ભગવાન શ્રીકૃષ્ણ તથા બલદેવજીના લાડકવાયા બહેન સુભદ્રા પૌરાણિક કાળમાં આ કુંડમાં સખીઓ સંગાથે સ્નાનાર્થે તેમજ પૂજનાર્થે આવતા હતા તેવું જાણકારોના કથન ઉપરથી જણાય છે. ચાર તરફ કલાત્મક કોતરણીવાળા ઘુમ્મટ ધરાવતો અને અષ્ટકોણમાં આવેલ સુભદ્રા કુંડની શોભા આજે પણ અનેરી છે. આમ છતાં કાળક્રમે જાળવણીના અભાવે આજે આ કુંડ જર્જરિત જણાય છે જેના તરફ સરકાર લક્ષ્ય સેવી આ ધરોહરનો પૌરાણિક ઈતિહાસ જાળવી રાખવા તથા ટુરીસ્ટ સ્પોટ તરીકે વિકસાવે તો આ ધરોહર સમાન સ્થળના વિકાસ સાથોસાથ યાત્રીકોને પણ પૌરાણિક વારસા અંગે વધુ સારી રીતે સમજ મળે તે હેતુ આ સ્થળનો યોગ્ય વિકાસ થાય તેવું જાણકારોનું માનવું છે.

# વેરાવળ, કોડીનાર અને ઉનામાંથી ગેરકાયદેસર રીતે પરીવહન કરતા બેલા પથ્થર ભરેલા ૧ ૨ ટ્રેક્ટરો અને રેતી ભરેલા ૨ ડમ્પરો ઝડપી લઈ સીઝ કરાયા

## જીલ્લા કલેક્ટરની સુચના બાદ કુંભ કર્ણની નિંદ્રામાંથી જાગેલા ખાણ ખનીજ વિભાગે કાર્યવાહી કરતા ખનીજચોરોમાં ફફડાટ પ્રસર્યો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

ગીર સોમનાથ જીલ્લામાં ગેરકાયદેસર રીતે ખનીજોની હેરાફેરી મોટાપાયે થતી હોવાની ચર્ચાઓ વચ્ચે જીલ્લા કલેકટરએ કરેલા આદેશ બાદ કુંભકરણની નિંદ્રામાં સુતેલા ખાણ ખનીજ વિભાગની ટીમે એક જ દિવસમાં વેરાવળ, કોડીનાર અને ઉનામાંથી ૧૨ ટ્રેક્ટર બેલા પથ્થર ભરેલા તથા બે ડમ્પર રેતી ભરેલા મળીને કુલ એક કરોડનો માલ અને વાહનો જપ્ત કરીને કાર્યવાહી કરતાં ખનીજ ચોરોમાં ફફડાટની લાગણી પ્રસરી છે. ઘણા સમયથી જિલ્લામાં તંત્રની મીઠી નજર હેઠળ ખનીજની ચોરી કરી હેરાફેરી મોટા પાયા થતી હોવાની વ્યાપક ચર્ચાઓ વહીવટી તંત્રના ધ્યાને આવી હતી. જેના આધારે જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ ખાણ ખનીજ વિભાગને કડક કાર્યવાહી કરવા આદેશ કરેલ હતો. જેને લઈ કલેકટરના સીધા માર્ગદર્શન હેઠળ ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા વેરાવળમાં નમસ્તે ચોકડી ખાતે આવેલ શ્યામ ડીલક્ષ પાન પાસેથી ૧૧ ટ્રેક્ટર લાઈમસ્ટોન બેલા પથ્થર અને ૧ ડમ્પર સાદી રેતી ભરેલા, ઉનામાં ભગીરથ હોટલ પાસેથી ૧ ટ્રેક્ટર લાઇમ સ્ટોન ભરેલ અને કોડીનારમાંથી ૧ ડમ્પર સાદી રેતી ભરેલા ગેરકાયદેસર પરીવહન કરતા રંગેહાથ ઝડપી લીધા હતા. આમ, ખનિજના કુલ ૧૨ ટ્રેક્ટર અને સાદી રેતીના ૨ ડમ્પરો મળી કુલ અંદાજે એક કરોડનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે ગીર સોમનાથ જીલ્લામાં મોટાપાયે ખનીજ ચોરી થઈ રહી હોવા છતાં કાર્યવાહી કરવામાં ખાણ ખનીજ વિભાગ વમણું પુરવાર થતું હોવાની સાથે કુંભકરણની નિદ્રામાં કામ કરી રહ્યું હોવાની ઠેરઠેર ચર્ચાઓ થઈ રહી છે. દરમ્યાન જીલ્લા કલેકટરની સૂચના બાદ સફાળા જાગેલા ખાણ ખનીજ વિભાગે કરેલ કાર્યવાહી ઉપરથી જ જીલ્લામાં ખનીજના ચાલતા કાળા કારોબારને પુષ્ટિ થઈ હોવાની લોકોમાં ચર્ચા શરૂ થઈ છે.

# સુત્રાપાડા પંથકમાં વરસાદી પાણી સંગ્રહ કરવા સરા કેનાલને અપગ્રેડ કરવા રાજ્ય સરકારને દરખાસ્ત કરાઈ



**કેનાલનું સમારકામ અને અપગ્રેડ કરવાથી ૧૪ ગામોની હજારો વિઘા ખેતીની જમીનને ફાયદો થશે : ભાજપ અગ્રણીએ પ્રધાનમંત્રીને રજુઆત કરેલ જે સંદર્ભે સિંચાઈ વિભાગે સર્વે કરી દરખાસ્ત તૈયાર કરી**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

દરિયામાં વહી જતા વરસાદી પાણી સરસ્વતી નદીથી સરા લિંક કેનાલ મારફતે વડોદરા ઝાલા ભરતી નિયંત્રણ યોજનામાં વરસાદી પાણીનો સંગ્રહ કરી દરિયામાં જતું અટકાવી આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે સીધો કે આડકતરો ફાયદો થાય તે માટે આ યોજનાને અમલમાં મુકવામાં આવેલ. જે કેનાલમાં જરૂરી સમારકામ અને અપગ્રેડ કરવા સંદર્ભે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રામભાઈ વાઢેર દ્વારા પ્રધાનમંત્રીને કરાયેલ રજુઆત પરત્વે સિંચાઈ વિભાગ દ્વારા ફરી તાંત્રિક સર્વે કરવામાં આવ્યો છે. ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના વડોદરાઝાલા ગામ પાસે વડોદરાઝાલા ભરતી નિયંત્રક યોજના ખારી નદી ઉપર વર્ષ ૧૯૮૩માં પુર્ણ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સરસ્વતી નદીના ચોમાસા દરમ્યાન પુરના વધારાના પાણીને ડાયવર્ટ કરી વડોદરા ઝાલા ભરતિનિયંત્રક યોજનામાં નાખવાનું આયોજન કરેલ. જે અન્વયે સરા ગામ પાસે નીકળતી સરસ્વતી નદિથી વડોદરા ઝાલા ભરતી નિયંત્રક વિસ્તરણ નહેર ૩.૨૪ કી.મી, લંબાઈમાં લીંક કેનાલ દ્વારા વધારાના પાણીને પાદરૂકા ગામ પાસે કુદરતી હૈયાત વોકળા માં લઈ જવા માટેની કામગીરી માટેનું આયોજન કરેલ. આ યોજનાના વર્ષ ૨૦૦૯માં ૫૫.૪૦લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ. દરમ્યાન આ સરા લીંક કેનાલમાં અમુક વિસ્તારમાં પીળી ચીકણી માટીનો(ગજકલે) ભાગ આવતો હોવાથી વિસ્તારમાં કેનાલની સાઈડો ધસી પડતી હોય જેના કારણે આ લિંક કેનાલમાં અડચણો ઉભી થતી. દરમ્યાન આ લિંક કેનાલને ખેડૂતના હિતમાં ફરી જરૂરી સમારકામ સાથે સુધારા કરવા માટે લોઢવા ગામના અગ્રણી અને જિલ્લા ભાજપના ઉપપ્રમુખ રામભાઈ વાઢેર દ્વારા પ્રધાનમંત્રીને ગત તા.૨૯-૭-૨૦૨૪ના રોજ પત્ર પાઠવેલ જે રજુઆત પરત્વે સિંચાઈ વિભાગ દ્વારા આ કેનાલ નો ટેકનીકલ સર્વે કરવામાં આવ્યો છે. સિંચાઈ વિભાગના ઈજનેર આર.કે.સામાણીએ આ અંગે માહિતી આપતા જણાવેલ કે, હાલ કેનાલના ૧૧ જેટલા પુલિયાને અપડેટ કરવા પડે તેમ છે આ ઉપરાંત કેનાલની તળિયાની પહોળાઈ જે હાલ ૨.૫ મીટર છે તેને ૩.૫ મીટર કરવી પડે આ ઉપરાંત હજુ પણ કેનાલના અમુક વિસ્તારમાં માટી ધસી પડવાની સમસ્યાને નિવારવા ૨૦૦ મીટરમાં નવા પાઈપ નાખવા તેમજ કેનાલની શરૂઆતમાં ફોર્સ સાથે પાણીના આગમનને કારણે શરૂઆતના ભાગમાં પાણી ન ફોર્સને કારણે પાળા તૂટી જાય છે તેના ઉકેલ માટે કેનાલના શરૂઆતના ભાગમાં ૨૦૦ મીટર સુધી બોક્સ કેનાલ મારફતે પાણીને કેનાલમાં ડાયવર્ટ કરવું જરૂરી હોય આ તમામ કામગીરી માટે અંદાજે ૩.૯૦ કરોડના અંદાજીત ખર્ચ સાથેની દરખાસ્ત રાજ્ય સરકારને મોકલી આપવામાં આવી છે. સરકારમાંથી મંજુરી મળતા આ કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીથી ૧૪ જેટલા ગામોની અંદાજે ૬૮૦ હેકટર જમીનને સિંચાઈના પાણીનો લાભ મળી શકશે.

# અનંત અંબાણીએ 'લાલબાગ ચા રાજા'ને ભેટમાં આપ્યો સોનાનો મુગટ





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૭

લાલબાગ ચા રાજા'ની સૌથી વધુ રાહ જોવાતી પહેલી ઝલક ગઈકાલે સાંજે જોવા મળી હતી. આ પ્રસંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણીએ 'લાલબાગ ચા રાજા'ને સોનાનો મુગટ દાનમાં આપ્યો હતો. આ મુગટની ખૂબ ચર્ચા થઈ રહી છે કારણ કે તેને બનાવવામાં ૨૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સોનાના મુગટની કિંમત ૧૫ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

ગુરુવારે 'લાલબાગ ચા રાજા'ની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ 'લાલબાગ ચા રાજા' પર ૨૦ કિલો સોનાનો મુગટ પહેરવામાં આવ્યો હતો. આ મુગટ અનંત અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા દાનમાં આપવામાં આવ્યો હતો. અનંત અંબાણી અને સમગ્ર અંબાણી પરિવાર છેલ્લા ઘણા સમયથી 'લાલબાગ ચા રાજા' મંડળ સાથે સંકળાયેલો છે અને તેઓ લાલબાગ ચા રાજાની વિસર્જન યાત્રામાં પણ ભાગ લે છે.

'લાલબાગ ચા રાજા' મંડળના પ્રમુખ બાલાસાહેબ કાંબલેએ જણાવ્યું હતું કે ગઈકાલે અંબાણી પરિવાર દ્વારા દાન તરીકે ૨૦ કિલોનો સોનાનો મુગટ લાવવામાં આવ્યો છે. પ્રથમ ઝલક બાદ રાજાને આ મુગટ આપવામાં આવ્યો હતો. અંબાણી પરિવાર લાંબા સમયથી મંડળ સાથે સંકળાયેલો છે અને અમે ગણપતિ બાપ્પા પ્રત્યેની તેમની ભક્તિ જોઈને ગર્વ અનુભવીએ છીએ. તેઓ વારંવાર આ ઉત્સવમાં ભાગ લે છે. અનંતે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે વિશ્વસ્તરીય બિઝનેસ ફેમિલી હોવા ઉપરાંત તેઓ બધા ખૂબ જ ધાર્મિક અને આધ્યાત્મિક છે અને સનાતન ધર્મમાં માને છે. અનંતે કહ્યું, 'મારો ભાઈ શિવનો મહાન ભક્ત છે. મારા પિતા ભગવાન ગણેશની પૂજા કરે છે. મારી માતા નવરાત્રી દરમિયાન નવ દિવસ ઉપવાસ કરે છે. મારી દાદી પણ શ્રીનાથજીના ભક્ત છે. મારા પરિવારમાં દરેક વ્યક્તિ ભગવાનના ભક્ત છે. આપણી પાસે જે કંઈ છે તે તેણે આપ્યું છે. અમે માનીએ છીએ કે ભગવાન સર્વત્ર છે, તમારામાં અને મારામાં. મારો આખો પરિવાર સનાતન ધર્મમાં માને છે.

ઉલ્લેખનીય છે કે અંબાણી પરિવાર ઘણીવાર ધાર્મિક કાર્યક્રમોમાં જોવા મળ્યો છે. વેપારી પરિવાર હોવા ઉપરાંત, આ પરિવાર સખાવતી કાર્યોમાં પણ ઉદારતાથી દાન આપે છે. રામ મંદિરના અભિષેક વખતે અંબાણી પરિવારે પણ ભાગ લીધો હતો. મુકેશ અંબાણીના પરિવારજનો દરરોજ મંદિરોમાં જતા અને પૂજા કરતા જોવા મળે

# ગણેશ ચતુર્થી નિમિતે સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને ફૂલોનો દિવ્ય શણગાર- ચુરમાના લાડુંનો અન્નકૂટ



સાળંગપુર તા.૭ :

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૦૭-૦૯-૨૦૨૪ ને શનિવાર- ગણેશ ચતુર્થી - ગણેશ ચોથ-ભાદરવા સુદ-૪ના રોજશ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને હજારીગલ-ગુલાબ વગેરે ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી તથા સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.સાથો સાથ દાદાને ચુરમાના લાડુંનો અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો.

ગણેશ ચતુર્થી નિમિત્તે શ્રીહરિ સવારે ૦૮:૦૦ કલાકે પવિત્ર બ્રાહ્મણો દ્વારા મંત્રો-પૂજા પાઠ-કરી ગણપતિદાદાનું પૂજન-અર્ચન કરી પૂજારી સ્વામી (અથાણાવાળા)દ્વારા ગણપતિજીની આરતી કરવામાં આવ્યુ હતું. હજારો ભક્તોએ પ્રત્યક્ષ આ અનેરા દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# તાલાલાના માલદેભાઈ વાજાનું બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ તા. ૭:

તાલાલામાં રહેતાં માલદેભાઈ વેજાભાઈ વાજા (ઉ.વ.૫૦)ને છાતીમાં દુ:ખાવો ઉપડતાં સારવાર માટે વેરાવળ અને જુનાગઢની હોસ્પિટલમાં ખસેડાયા બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન તેઓનું મૃત્યું થતા તેમનાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ મારફત જાણ થતાં ભક્તિનગર પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી હતી.

# બાવળા નજીક કાર અકસ્માતમાં મૃતક પોલીસમેનને ગાર્ડ ઑફ ઓનર અપાયું

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૭

કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામના હેડ કોન્સ્ટેબલનું ગુરુવારે અમદાવાદ નજીકના બાવળા પાસે કાર અકસ્માતમાં કરુણ મૃત્યુ નિપજ્યાના બનાવે નાના એવા બાકોડી ગામ સાથે જિલ્લાના પોલીસ બેડામાં ભારે શોકની લાગણી પ્રસરાવી છે.

આ કરુણ બનાવની વિગત મુજબ દ્વારકા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાયાભાઈ ઉર્ફે ભાવેશભાઈ સગાભાઈ ગોજીયા નામના આશરે ૩૨ વર્ષના યુવાન તેમની સાથે અન્ય ત્રણ પોલીસ કર્મીઓ સહિત અમદાવાદ ખાતે ખાતાકીય તપાસ સાથે તેમજ હાઈકોર્ટમાં મુદતે જવા માટે નીકળ્યા હતા. આ કામગીરી પૂર્ણ કરી અને તેઓ પરત આવવા માટે નીકળ્યા હતા, ત્યારે અમદાવાદથી થોડે દૂર બાવળા નજીક પહોંચતા પુરપાટ વેગે જઈ રહેલી તેમની મોટરકાર સર્કલ પરના એક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ જીવલેણ ટક્કરમાં ભાયાભાઈ ગોજીયાને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુંહતું. ત્યારે તેમની સાથે અન્ય પોલીસ કર્મીઓ અરશીભાઈ, હરપાલસિંહ ઘનશ્યામસિંહ તેમજ



દિલીપસિંહ હરીસિંહને પણ નાની મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા હેડ કોન્સ્ટેબલ ભાયાભાઈ ગોજીયાના મૃતદેહને ગઈકાલે તેમના વતન કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામ ખાતે લાવ્યા લાવવામાં આવ્યો હતો. જ્યાં ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ સહિતના પોલીસ અધિકારીઓ તેમજ સ્ટાફ દ્વારા તેમને ગાર્ડ ઓફ કોર્નર અપાયું હતું. ત્યાર બાદ યોજાયેલી તેમની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો સાથે પોલીસ સ્ટાફ પણ જોડાયો હતો. મૃતક પોલીસ કર્મીની બે નાની પુત્રીઓએ પોતાના પિતાની છત્રછાયા ગુમાવતા પરિવાર જનોમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો. સાથે જિલ્લાના પોલીસ બેડામાં શોકના માહોલ વચ્ચે પોલીસ તંત્રએ પણ તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# ખંભાળિયાના ભાતીગળ શિરેશ્વર લોકમેળાનો પ્રારંભ આજથી બે દિવસ મોટી સંખ્યામાં ઉમટી પડશે જનમેદની



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં યોજાતા રખ પાંચમના લોકમેળા શુક્રવારથી વિધિવત રીતે શરૂ થયા છે. ચાર દિવસના આ લોકમેળામાં ગઈકાલે પ્રથમ દિવસે પાંખી હાજરી જોવા મળી હતી અને કેટલીક રાઈડ્સ પણ બંધ જોવા મળી હતી. જો કે રાત્રિના સમયે મોટી સંખ્યામાં નગરજનો મેળામાં મ્હાલવા માટે આવ્યા હતા. ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર ગ્રામ પંચાયત વિસ્તારમાં શ્રી શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શીરૂ તળાવના લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રીજ, ચોથ અને પાંચમના યોજાતા આ લોકમેળા આ વર્ષે પણ ચાર દિવસના યોજાયા છે. ત્યારે ગઈકાલે સાંજે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ વિધિવત રીતે રીબીન કાપીને આ લોકમેળાને ખુલ્લો મુક્યો હતો. મીની તરણેતર જેવી ખ્યાતિ પામેલા અને ખંભાળિયા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી યોજાતા શિરૂ તળાવના આ લોકમેળાનું આયોજન શક્તિનગર ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે છે. આ સ્થળે ૧૬૮ પ્લોટમાં વિવિધ પ્રકારના ચકડોળ, ફજેત ફારકા, રાઈડ્સ તેમજ મનોરંજનના સાધનો અને ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. ત્યારે ગતસાંજે ખુલ્લા મુકવામાં આવેલા આ લોકમેળામાં પ્રારંભે ઓછી જનમેદની જોવા મળી હતી. આટલું જ નહીં, મોટી રાઈડ્સ માટે તંત્ર દ્વારા મંજૂરીની પ્રક્રિયા અધુરી હોવાથી કેટલીક રાઈડ્સ બંધ જોવા મળી હતી. પરંતુ રાત્રે મેળા શોખીન લોકો મોટી સંખ્યામાં મેળામાં ઉમટી પડ્યા હતા. આ વચ્ચે આજે શનિવારે તેમજ આવતીકાલે રવિવારે ખંભાળિયા શહેર જ નહીં પરંતુ સમગ્ર જિલ્લામાંથી હજારોની સંખ્યામાં જનમેદની મેળાની મોજ માણવા ઉમટી પડે તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે. સોમવારે ચોથા દિવસે આ લોકમેળાની પૂર્ણાહુતિ થશે. આ પ્રારંભ પ્રસંગે અહીંના અગ્રણી અને વર્ષો પહેલા આ લોકમેળાના સ્થાપક હીરાભાઈ ગોવાભાઈ નકુમના પરિવારજનો સાથે સતવારા અગ્રણી હરિભાઈ નકુમ, શૈલેષભાઈ કણજારીયા, રસીકભાઈ નકુમ, જીતેન્દ્રભાઈ કણજારીયા, એભાભાઈ કરમુર, અનિલભાઈ તન્ના, મશરીભાઈ નંદાણીયા, વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર આયોજન જિલ્લા પ્રશાસનની દેખરેખ હેઠળ ગ્રામ પંચાયતના સરપંચ પુનમબેન મયુરભાઈ નકુમ, ઉપસરપંચ હેતલબા ચંદ્રસિંહ જાડેજા તેમજ તલાટી મંત્રી પી.ડી. વિંઝુડા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

હાલ વરસાદનું જોર ન હોવાથી લોકમેળાનો લોકો મન ભરીને માણી શકાશે તેવી આશાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ લોક મેળામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા જરૂરી વ્યવસ્થા હાથ ધરવામાં આવી રહી છે.

# જૂનાગઢના પીપી સ્વામીનું રાજગોર યુવક મંડળ સહિત વિવિધ સંસ્થા દ્વારા સન્માન



જૂનાગઢ તા.૭

સ્વામીનારાયણ મુખ્ય મંદિર રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડમાં ચેરમેન પુરૂષોત્તમ પ્રકાશદાસજી પીપી સ્વામીને ૫૦માં જન્મ દિન નિમિતે જૂનાગઢ રાજગોર બ્રાહ્મણ યુવક મંડળના પ્રમુખ કમલેશભાઈ ભરાડ, અકિલાના પત્રકાર વિનુભાઈ જોષી, એડવોકેટ શશીકાંત બોરીચાગર, ચેતન દવે, નાલંદા વિદ્યાલયના ઈ.ચા. આચાર્ય વી.એમ. સોસા, શૈલેષભાઈ પંડયા સહિતનાએ સ્વામીને પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને પીપી સ્વામીએ તેમના જન્મ દિવસની ભુદેવોને ભોજન કરાવી અને મંદિરમાં સેવા આપતા હરીભક્તોના હસ્તે ધ્વજારોહણ દેવોનો અભિષેક કરાવી સેવા દિવસ તરીકે ઉજવણી કરી હતી.

# રાજકોટની કાવ્યા જોષીનો જન્મ દિવસ



રાજકોટ તા.૭

રાજકોટના લોકગાયિકા ડો.વર્ષા મહેતા અને ભાવેશભાઈ જોષીની પુત્રી કાવ્યા જોષીનો આજે જન્મ દિવસ છે. અભ્યાસમાં ખુબ જ હોશિયાર અને અત્યારથી જ માતાના પગલે લોકગીત ક્ષેત્રે પણ ખુબ સારો દેખાવ કરેલ અને સારા કંઠે કાલી ઘેલી ભાષામાં ગીતો રજુ કરે છે. એવી કાવ્યાને આજે જન્મ દિવસ નિમિતે લોકો શુભેચ્છા અને આશિર્વાદ આપી રહ્યા છે.

# માનવીય મુલ્યો તથા આધ્યાત્મિક સંસ્કારનું જીવંત ઉદાહરણ નિરંકારી બાલ સંત સમાગમ

જૂનાગઢ તા.૭

જૂનાગઢ નિરંકારી સદગુરૂમાતા સુદીક્ષાજી મહારાજની પ્રેરણાથી વેરાવળ ઝોન દ્વારા નિરંકારી બાલ સમાગમનું જૂનાગઢ બ્રાન્ચમાં આયોજન કરેલ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક બાળકો ગીત, ભોજન, કવિતાઓ તથા લઘુ નાટીકાઓના માધ્યમથી પ્રેરક વિચાર વ્યકત કરાશે. તથા જયાં આજના સમયમાં બાળકો કુસંગતિનો સંગ કરી લે છે અને પરિણામ સ્વરૂપ ઘરનું વાતાવરણ ખરાબ થઈ જાય છે જેથી બાલ સમાગમોનો ઉદ્દેશ્ય દરેક સંતોને આધ્યાત્મિકતા તરફ પ્રેરીત કરવાનો છે. મુંબઈ (મહારાષ્ટ્ર)થી પધારેલા આદરણીય મહાત્માશ્રી મહેશ વૈતીજીની અધ્યક્ષતામાં આ આયોજન કરેલ છે જેમાં જૂનાગઢ ઉપરાંત કેશોદ, વેરાવળ, માંગરોળ, અજાબ, ભાવનગર, અલંગથી સંતોષ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ તા.૮-૯-૨૦૨૪ના રોજ બપોરના ૧૧થી ૨ વાગ્યા સુધી શિવમ પાર્ટી પ્લોટ, સિધ્ધનાથ મંદિરવાળી ગલી ઝાંઝરડા રોડ ખાતે યોજાશે. આ સમગ્ર કાર્યક્રમમાં પધારવા જૂનાગઢના પ્રભુ પ્રેમી જનતાને જૂનાગઢના સંયોજક જગદીશભાઈ ભીંડા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગીરગઢડા તાલુકાનાં ધોકડવા ગામનું ગૌરવ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૬

ધોકડવા ગામના વતની અને હાલ શ્રી નવાઉગલા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિક્રમભાઈ ગોહિલનું ગીર સોમનાથના જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ એનાયત થતાં ધોકડવા ગામનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણ વિભાગ - ગુજરાત સરકાર દ્વારા વિવિધ શૈક્ષણિક પાસાઓને ધ્યાનમાં લઈને તેઓને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવેલ. સોમનાથ ખાતે ટીએફસી ભવનમાં પદાધિકારીઓ અને અધિકારીઓની હાજરીમાં આ કાર્યક્રમ રાખવામા આવેલ. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષાધિકારી, જિલ્લા પ્રાથમિક જિલ્લા શિક્ષાધિકારી, શિક્ષક સંઘના હોદેદારો, શિક્ષણ સમિતિના ચેરમેન, જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ બહોળી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા. આ તકે શાળાના શિક્ષક મિત્રો, વિદ્યાર્થીઓ તેમજ તેમના મિત્રોએ શુભકામનાઓ પાઠવી હતી.


**કુતિયાણા નગરપાલિકા તા. કુતિયાણા જી. પોરબંદર**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**

કુતિયાણા નગરપાલિકા, તા.કુતિયાણા, જી.પોરબંદર ને સરકારશ્રી દ્વારા મજૂર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબના કામો કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ:- સ્વચ્છ ભારત મિશન (૨.૦) યોજના અંતર્ગત ભીના તથા સૂકા કચરા માટે સોલીડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટના જુદા-જુદા કમ્પોનન્ટ બનાવવાનું તથા મશીનરી સપ્લાઈ અને ઇન્સ્ટોલ કરી આપવાનું કામ (ઓપરેશન એન્ડ મેઇનટેનન્સ પીરિયડ ૦૭ વર્ષ)

| | |
|---|---|
| અંદાજીત રકમ : ૮૫,૬૯,૭૯૮/- | સમયમર્યાદા : ૧૨-માસ |
| ઈ.એમ.ડી. : ૮૫,૭૦૦/- | ટેન્ડર ફી : ૫,૯૦૦-૦૦ |

વેબસાઈટ : https://tender.nprocure.com/

ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેંટ અપલોડ કરવાની છેલ્લી તારીખ : ૨૭/૦૯/૨૦૨૪ના ૧૮:૦૦ કલાક સુધી

ઓરિજનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને જરૂરી ડોકયુમેન્ટ સ્પીડ પોસ્ટ / આર.પી.એ.ડી. ના માધ્યમથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૨૪ના ૧૬:૦૦ કલાક સુધી, ચીફ ઓફિસર કુતિયાણા નગરપાલિકા, મુ. કુતિયાણા, જી. પોરબંદર

ટેક્નિકલ બિડ ખોલવાની તારીખ :૦૧/૧૦/૨૦૨૪ના ૧૧:૦૦ કલાકે

પ્રાઈઝ બિડ ખોલવાની તારીખ : ૦૧/૧૦/૨૦૨૪ના ૧૧:૩૦ કલાકે

ઉપરોક્ત કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઈટ પરથી તારીખ ૦૬/૦૯/૨૦૨૪થી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રેહશે.

ચીફ ઓફિસર, કુતિયાણા નગરપાલિકા, કુતિયાણા

વહીવટદાર, કુતિયાણા નગરપાલિકા, કુતિયાણા

માહિતી/પોર/જા.ખ-૧૧૯/૯૩૮-૪૦-૨૦૨૪



### ‘જય ગણેશ... જય ગણેશ દેવા’ ના નાદ સાથે

# જૂનાગઢમાં આજથી ગણપતિ ઉત્સવ







જૂનાગઢ તા.૭

રિધ્ધ સિધ્ધનાં દાતા અને વિઘ્ન હર્તા દેવ ભગવાન ગણેશજીની આજે વાજતે ગાજતે પધરામણી કરવામાં આવી છે અને આ સાથે જ જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આજે ભાદરવા સુદ-૪ અને ગણેશ ચતુર્થીના દિવસે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ઘરે-ઘરે ભગવાન ગણેશજીની પૂજા-અર્ચના તેમજ ચુરમાના લાડુનો પ્રસાદ ધરાવવામાં આવેલ છે અને વિઘ્ન હર્તા દેવની આરાધના કરવામાં આવી રહી છે.

ગણેશ ચતુર્થીનાં પાવનકારી અવસરે ગણપતિ ઉત્સવની ઉજવણીનો પણ ભક્તિભાવ પૂર્વક પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. જૂનાગઢ શહેરમાં આશરે ૧૦૦ થી વધુ નાના-મોટા પંડાલોમાં તેમજ એપાર્ટમેન્ટ, સોસાયટીઓમાં નગરજનો દ્વારા ગણપતિજીની સ્થાપના સાથે મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ભારે ઉત્સાહ સાથે લોકો ગણપતી ઉત્સવની ઉજવણીમાં ભાગ લઈ રહ્યા છે. સતત દસ દિવસ સુધી ગણપતિ ઉત્સવ ઉજવવામાં આવશે અને આ દસ દિવસો દરમ્યાન સેવાકીય, ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢમાં ધાર્મિક સ્થળોએ આવેલા ભગવાન ગણેશજીના મંદિરોમાં પણ ભગવાન ગણેશજીના ભાવિકો દર્શનનો લાભ લઈ રહ્યા છે. આ ઉપરાંત ઈગલ ખાતે બિરાજતા ભગવાન ગણેશજીનાં મંદિરે આજે સવારથી જ પૂજન અર્ચન, સહિતનાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડયા છે જૂનાગઢ શહેર ઉપરાંત જીલ્લામાં પણ ગણપતિ ઉત્સવની ઉજવણી સાથે આજે સમગ્ર સૌરાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવની ઉજવણીનો પ્રારંભ થયો છે અને જય ગણેશ જય ગણેશ દેવાનાં નાદ ગુંજી ઉઠ્યા છે.

(તસ્વીર : જયેશ મહેતા)

## વિઘ્નહર્તા દેવની વાજતે ગાજતે પધરામણી : દસ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો : લોકોમાં ભારે ઉત્સાહ

# બાંટવાની લૂંટ પ્રકરણનો ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ શંકાસ્પદ ઈસમોની પુછતાછ, સીસીટીવી કેમેરા ચેક કરાયા

જૂનાગઢ તા.૭:

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના બાંટવા પાસે અમદાવાદની એક ફેકટરીના બે સેલ્સમેનો પાસેથી રૂા.૧.૧૫ કરોડથી વધારેનું સોનુ અને રોકડની ચલાવવામાં આવી હોવાના બનાવનો ભેદ પામવા માટે જૂનાગઢ જીલ્લા ભરની પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ અગાઉ પકડાઈ ચુકેલા શખ્સો સહિતના લોકોની પુછપરછનો દોર ચાલી રહ્યો છે અને નજીકના સમયમાં જ આ લૂંટનો ભેદ ઉકેલાઈ જશે તેવો આશાવાદ પણ દર્શાવાઈ રહ્યો છે. જુનાગઢ જિલ્લાના બાટવા પાસે અમદાવાદની કલા ગોલ્ડ ફેક્ટરીના બે સેલ્સમેન પાસેથી રૂપિયા ૧.૧૫ કરોડથી વધારેનું સોનુ અને રોકડની લૂંટ ચલાવી નાસી ગયેલાં ત્રણ લૂંટારાને પકડી પાડવા માટે જિલ્લાભરની પોલીસ સમગ્ર પંથક ખૂંદી રહી છે. જુનાગઢ એસપી હર્ષદ મહેતા, ૨ ડીવાયએસપી બી. સી. ઠક્કર, ડી. વી. કોડીયાતર, ૫ પીઆઈ, ૧૧ પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો તપાસ ચલાવી રહ્યો છે. તેમજ લૂંટના બનાવના મૂળ સુધી પહોંચવા માટે સખત મહેનત કરવામાં આવી રહેલ છે. દરમ્યાન અમદાવાદમાં માણેકચોક ખાતે આવેલ કલા ગોલ્ડ ફેકટરીના માલિક સંજયભાઈ બાલચંદભાઈ શાહને પોલીસે અમદાવાદથી બોલાવી તેનું નિવેદન લીધું હતું. તેમજ સેલ્સમેનને આપેલ દાગીના તથા અન્ય દાગીનાનાં સ્ટોકની માહિતી પોલીસે મેળવી હતી.

આ લૂંટ પ્રકરણમાં અઢી કિલો સોનાના દાગીના, પાંચ કિલો ચાંદીના દાગીના અને રૂપિયા ૨.૯૬ લાખની રોકડ સહિત કુલ રૂપિયા ૧,૧૫,૮૨,૦૦૦નાં મુદ્દામાલની લૂંટની તપાસ પોલીસની ૮ થી ૧૦ ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માણાવદર થી કુતિયાણા સુધીના વિસ્તારની ૧૫ જગ્યાના સીસીટીવી કેમેરા ફંફોળવામાં આવ્યા છે. તેમજ ટેકનિકલ સોર્સ, હ્યુમન સોર્સ, એફએસએલ વગેરેની મદદ લેવામાં આવી છે. તેમજ વિવિધ પોલીસ ટુકડીઓ અલગ-અલગ દિશામાં તપાસ ચલાવી રહી છે. લૂંટના બનાવ અંગે છેલ્લા ૩૬ કલાકથી પોલીસ પગ વાળીને બેઠી નથી. અને તપાસ ચલાવવામાં આવી રહી છે. પોલીસ ડોગની મદદ પણ લેવામાં આવી રહી છે. જેમાં ડોગ બનાવ સ્થળથી જઈને થંભી ગયો હતો અને ડોગ મારફત કોઈ મહત્વની કડી નહીં મળતા પોલીસે તપાસને તેજ બનાવી છે. અત્રે નોંધનીય છે કે, ગત ગુરુવારની રાત્રે ૮ અમદાવાદની કલા ગોલ્ડ ફેક્ટરીમાં ૨ સેલ્સમેન પાસેથી છરીની અણીએ લૂંટ ચલાવી ટુ વ્હીલર પર નાસી ગયેલા ૩ શખ્સને ઝડપી લેવા માટે પોલીસે બનાવ સ્થળ આસપાસના વિસ્તારોના ૨૫ થી ૩૦ જેટલા શંકાસ્પદ શખ્સની પોલીસે પૂછપરછ હાથ ધરી હતી. તેમજ અગાઉ પકડાઈ ચૂકેલા શખ્સોને પણ પોલીસ દ્વારા તપાસવામાં આવ્યા હતા. આ ઉપરાંત જૂનાગઢ ઉપરાંતના જિલ્લાઓના શંકાસ્પદ શખ્સોની પણ ચકાસણી હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ આ લૂંટનો ભેદ ઉકેલવા માટે જીલ્લાભરની પોલીસ ભારે જહેમત ઉઠાવી રહી છે અને સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે.

# ઈદે મિલાદુન્નબી નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન

જૂનાગઢ તા.૭

આગામી તા.૧૬ સપ્ટેમ્બરના રોજ ઈદે મિલાન મનાવવામાં આવશે. પરંતુ તે પહેલા જૂનાગઢ શહેરમાં ઈદે મિલાદના ૧૦ દિવસના કાર્યક્રમનું આયોજન થાય છે. જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં ઈદે મિલાદના અનેક કાર્યક્રમો યોજાય રહ્યા છે. જે અંતર્ગત હુશેની ચોક, નાથીબુ મસ્જીદ ખાતે પણ ૧૨ દિવસ સુધી ધાર્મિક પ્રવચનોનું આયોજન કરવામાં આવેલ છે. જેને મોલાના મોહંમદ હનીફ અકબરી, મહેબુબ સાહેબ વગેરે સંબોધન કરશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જેલ રોડ પરનાં ખાડામાં પોલીસ વાન ખૂંપી ગઈ



જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેરમાં ખાડા છે કે, ખાડામાં શહેર છે ? તે જ સમજાતું નથી. આખું શહેર ખાડાગઢ બની ગયું છે. શહેરનો એક પણ માર્ગ બાકી નથી જ્યાં ખાડા ખોદાયેલા ન હોય અને વાહન ચાલકો તેમજ લોકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. દરરોજ લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. પરંતુ મનપા તંત્રને તેની કાંઈ પડી નથી. દરરોજ સંખ્યાબંધ વાહનોના ખાડામાં ખૂંપી જવાના બનાવો બને છે. ગઈકાલે સાંજે જૂનાગઢ શહેરના જેલ રોડ પર બરફના કારખાનાની સામે પોલીસની કેદી વાન ખાડામાં ખૂંપી ગઈ હતી. અને ભારે જહેમત બાદ મોડી સાંજે તેને બહાર કાઢવામાં આવી હતી.

# વંથલી તાલુકાના ગાંઠીલા ગામે બે દિવસ પહેલા ગાયનું મારણ કરનાર ખૂંખાર દિપડો પાંજરે પુરાયો

જુનાગઢ તા.૦૭

વંથલી તાલુકાના ગાંઠીલા ગામે બે દિવસ પહેલા ગાયનું મારણ કરનાર ખુંખાર દિપડો આખરે પાંજરે પુરાતા લોકોએ હાશકારો અનુભવ્યો છે.



આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર બે દિવસ પહેલા જ ગાઠીલા ગામના દિનેશભાઈ ભીમાભાઈ ઘાઘસની ગાયનો આ પકડાયેલ દીપડાએ શિકાર કર્યો હતો. તેમજ આ વિસ્તારમાં દીપડા અને હિંસક પ્રાણીઓના ભયના કારણે લોકો રાત્રિના સમયે વાડીએ જવાનું પણ ટાળે છે. વંથલી પંથકમાં દીપડા દ્વારા શ્વાનના શિકાર પણ કરવામાં આવી રહ્યા છે. જેથી અહીંના સીમ વિસ્તારમાં શ્વાનની સંખ્યામાં પણ ઘટાડો થયો છે.

# માળીયા હાટીનામાં સારૂ વળતર આપવાની લાલચ આપી રૂા.૧૨.૫૦ લાખની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

માળીયા હાટીનામાં પટેલ સમાજ કંપની ચાલુ કરી, સારૂં વળતર આપવાની લાલચ આપી અલગ અલગ લોકો પાસે રોકાણ કરાવવાના નામે પૈસા લઈ કંપની બંધ કરી દઈ ૧૨.૫૦ લાખની છેતરપીંડી કર્યાની બે વિરૂધ્ધ ફરીયાદ માળીયા હાટીના પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે જમનભાઈ ડાયાભાઈ સુતરીયાએ વિજય ભલાણી રહે.જૂનાગઢ અને દિનેશ બોઘાભાઈ ગીનોયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે

આરોપી વિજય ભલાણીએ ફરીયાદી તથા સાહેદને કહેલ કે હુ ફોરએક્સનામની કંપની ધરાવુ છુ.તેમાં તમે રોકાણ કરો તો રૂપિયા પાંચ લાખ સામે મહીને પચાસ હજારનું વળતર આપવાની ખાતરી આપી ફરીયાદી તથા સાહેદને વિશ્વાસમાં લઈ ફરીયાદી તથા સાહેદને આરોપી દિનેશ ગીનોયાના નામનુ બેંક એકાઉન્ટ નંબર આપેલ જેમાં ફરીયાદીએ રૂા.૫,૦૦,૦૦૦/- તેમજ બંન્ને સાહેદોએ મળી રૂા.૭,૫૦,૦૦૦/- રકમ જમા કરાવેલ અને થોડા દિવસ બાદ કંપની બંધ કરી દઈ ફરીયાદી તથા સાહેદોની મળી કુલ રકમ રૂા.૧૨,૫૦,૦૦૦/-પરત નહી આપી ફરીયાદી તથા સાહેદો સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ સુમરાએ હાથ ધરી છે.

# વિસાવદરના કાલસારી ગામેથી મોટર સાયકલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જનાગઢ તા.૭

વિસાવદરના કાલસારી ગામેથી રાત્રીના સમયે ઘરની બહાર રાખેલ મોટર સાયકલ કોઈ અજાણ્યા શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે દિનેશભાઈ પોપટભાઈ જમોડે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ પોતાના રહેણાંક મકાન બહાર પોતાની મોટર સાયકલ નં.જીજે-૦૫-એનજી-૧૯૧૫વાળી કિ.રૂા.૨૦ હજાર રાખેલ હોય જે તા.૨૯-૮ના રાત્રીના ૯ વાગ્યાથી તા.૩૦-૮ના સવારના ૮ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદમાં ઘરનો સામાન તોડી નુકશાન કરનાર શખ્સ વિરૂધ્ધ ફરીયાદ કરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૭

કેશોદમાં વાડીમાં આવેલ મકાનમાં શખ્સે ઘુસી સામાનની તોડફોડ કરી નુકશાન કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે અશ્વીનભાઈ ગોપાલભાઈ ભંડેરીએ જીગ્નેશ ઉર્ફે કોમલ નાથાભાઈ રાઠોડ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદીની વાડીએ ફાર્મમાં ડેલો ટપી ગૃહ અપપ્રવેશ કરી ફરીયાદીના ઘરનો સામાન વેર વીખેર કરી ઘરની ગેંડી ઉપર રાખેલ કાંચ ભાંગી નાંખી ઓસરીમાં રાખેલ ફ્રીજ તથા મકાન પાછળ રહેલ એ.સી. બંને નીચે જમીન પર પછાળી દઈ આશરે ૮૦૦૦ જેટલી નુકશાની કરી તથા સાહેદ હરેશભાઈનો ડેલો તોડી નાખી નુકશાન કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ચોમાસાની ઋતુ પાણીજન્ય, વાહકજન્ય અને સિઝનલ ફ્લૂ રોગચાળાનો સમયગાળો છે

બીમારીની સાથે સાથે બીમારીના કારણોને પણ જડમૂળથી નાશ કરીએ.

**પાણીજન્ય રોગો અને તેની સામે રક્ષણ**

રોગો : કોલેરા, ઝાડા-ઊલટી, કમળો, ટાઈફોઈડ

લક્ષણો : તાવ, ઝાડા-ઊલટી, બેચેની, ઉદાસિનતા, પીળાશ પડતી આંખો

પગલાં :
- શૌચાલયનો ઉપયોગ કર્યા પછી સાબુથી હાથ ધોવા.
- માત્ર ઉકાળેલું અથવા ક્લોરિનયુક્ત પાણી પીવાનો આગ્રહ રાખવો.
- ઝાડા થાય ત્યારે ઓ.આર.એસ. અને ઝીંક ગોળીનો ઉપયોગ કરવો.
- આરોગ્ય કેન્દ્ર જઈ ડોક્ટર પાસે તપાસ કરાવો

**વાહકજન્ય રોગો અને તેની સામે રક્ષણ**

રોગો : મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુનગુનિયા.

લક્ષણો : તાવ, શરીર દુખવું, ઊલટી -ઉબકા.

પગલાં :
- આજુબાજુ પાણી સંગ્રહ ન થવા દેવો.
- કુલર, વોશિંગ મશીન, ફ્રીઝની આજુબાજુ પાણી લિકેજ નથી તે તપાસ કરવી.
- બાળકોને આખી બાંયના શર્ટ અને પેન્ટ/પાયજામા પહેરાવવા.
- મચ્છર નિવારક ધૂપ, મચ્છરદાની વગેરેનો ઉપયોગ કરવો.
- લક્ષણ જણાય તો તાત્કાલિક ડોક્ટર પાસે તપાસ કરાવવી સૂચવ્યા મુજબ સારવાર લેવી.

**સિઝનલ અને અન્ય ફ્લૂ સામે રક્ષણ**

રોગો : કોમન ફ્લૂ, સિઝનલ ફ્લૂ, અને અન્ય ઇન્ફ્લુએન્ઝા

લક્ષણો : તાવ, શરદી, ખાંસી ગળામાં દુ:ખાવો, શરીર તૂટવું, નબળાઇ, શ્વાસ ચઢવો

પગલાં :
- ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો.
- ઉધરસ કે છીંક આવે ત્યારે મોઢું અને નાક રુમાલ/માસ્ક વડે ઢાંકો.
- તુલસી, આદુ અને આયુર્વેદિક ઉકાળાનું સેવન કરવું.
- ખૂબ પાણી પીઓ, પૌષ્ટિક આહાર અને પૂરતી ઊંઘ લો.
- આરોગ્ય કેન્દ્ર પર જઇ ડોક્ટરના નિદાન મુજબ દવા લો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય